
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol - 6 Issue - 1
JANUARY - 2006

જાન્યુઆરી – ૨૦૦૬

આત્મ સંવત : ૧૧૧
વીર સંવત : ૨૫૩૨
વિક્રમ સંવત : ૨૦૬૨
પુસ્તક : ૧૦૩

वयमत्रागताः सर्वे मैत्र्या सम्भूय जीवितुम ।
जातिधर्मादि भेदाँस्तत् त्यक्त्वा सर्वसुहृद्द भवेत ॥

આપણે બધા અહીં મિત્ર ભાવથી સાથે રહી,
સમ્મિલિત રહી જીવન પસાર કરવા આવ્યા છીએ.
માટે જાતિભેદ, કુળભેદ, વર્ણભેદ, દેશભેદ,
ધર્મભેદ એવા ભેદોને દૂર કરી પરસ્પર મિત્ર બની રહેવું જોઈએ.

As we all have come here to live unitedly and
harmoniously. We should friendly behave with another,
abandoning the unequal view about caste,
creed, colour, country, religion and the like.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૫, ગાથા : ૯, પૃષ્ઠ - ૭૨)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંઘમાળ કોણ પહેરે ?

કહેવાય છે કે તે જમાનામાં નવ અબજ રૂપિયાનો ખર્ચ કરીને રાણકપુરજી-ના દેરાસરનું નિર્માણ થયું હતું.

ખૂબ ધામધૂમથી પ્રતિષ્ઠા થઇ. ત્યાંથી તરત જ શત્રુંજય તીર્થના સંઘનું પ્રયાણ થયું. હજારો યાત્રિકો, સેંકડો શ્રમણો અને શ્રમણીઓ છ'રીપાલિત સંઘમાં જોડાયા હતા.

સંઘપતિ હતા; ધનાશા. ભરજુવાન તેમની વય હતી.

જે દિવસે આ સંઘે પાલીતાણા ગામમાં પ્રવેશ કર્યો તે દિવસે ભારતના વિવિધ સ્થળોએથી પ્રયાણ કરેલા બીજા વીસ છ'રીપાલિત સંઘોએ પ્રવેશ કર્યો હતો.

એકવીસ સંઘમાં એકવીસ ધુરંધર આચાર્યો હતા. દરેક સંઘપતિ શ્રાવક અબજોપતિ હતા.

સંઘમાળ પહેરવા માટે ઉછામણી બોલવી જરૂરી હતી. આચાર્ય - ભગવંતો ભેગા થયા. તેમને એ વાતની મુંઝવણ થઇ કે જો ધનના માધ્યમથી ઉછામણી થશે તો સાંજ પડતાં ય અંત નહિ આવે ; કેમ કે અબજોપતિ પુણ્યાત્માઓ ધનનું કાતીલ ઝેર ઉતારવાની આ તક છોડવા માંગતા ન હતા. હવે શું કરવું ? છેવટે સર્વાનુમત્તે નિર્ણય લેવાયો કે દરેક સંઘપતિ પોતાનું ભાવી સુકૃત જણાવે. તે સકૃતની શ્રેષ્ઠતાના ક્રમે સંઘમાળ પહેરાવવી.

સંઘપતિઓએ સુકૃતો વિદીત કર્યા. કોઇએ પાંચ કરોડ રૂપિયાનું દાન કરવાનું, કોઇએ બીજો મહાસંઘ કાઢવાનું, કોઇએ શિખરબંધી દસ જિનાલયોનું નિર્માણ કરવાનું જાહેર કર્યું.

પણ જ્યારે કોઇએ પોતાના દીકરાને દીક્ષા આપવાનું જાહેર કર્યું ત્યારે સન્નાટો બોલાઇ ગયો.

એ જ વખતે રાણકપુર તીર્થના નિર્માતા ધનાશા પોતાની પત્ની સાથે ઊભા થયા. તેમણે સજોડે બ્રહ્મચર્ય પાલનનું સુકૃત જાહેર કર્યું.

આચાર્ય સંઘના અગ્રણી ભગવંતે જાહેર કર્યું કે સંસારમાં રહીને આવી ઊગતી જવાનીમાં અને ભરપૂર શ્રીમંતાઇમાં પૂર્ણ બ્રહ્મચર્યપાલનનું કાર્ય અતિ કપરું છે. હું આ દંપતીને પ્રથમ સંઘમાળ જાહેર કરુ છું.

સર્વત્ર આનંદની લહેર પ્રસરી ગઇ.

o - o - o

# નજર નજરમાં ફરક

કેરીઓથી લચી પડેલા આંબાને જોઇને એક ગુરુએ પોતાના પહેલા શિષ્યને પૂછ્યું કે: 'આંબામાં તને શું દેખાય છે ?' તેણે કહ્યું : 'ગુરુજી ! માર ખાઇને પણ આંબો ફળ આપે છે. માનવજાત આ આંબા પાસેથી આટલું શીખી લે તો ?'

ગુરુજીએ બીજા શિષ્યને પૂછ્યું : 'બોલ, તને આંબામાં શું દેખાય છે.?' ત્યારે તેણે જવાબ આપ્યો કે: 'ગુરુજી, આ આંબો એમ શીખવે છે કે જગતમાં તમે મારો તો જ ફળ મેળવી શકો. કોઇને માર્યા વિના તો કશુંય ન મળે. ડંડાબાજી તો કરવી જ પડે.'

નજર નજરમાં કેટલો ફરક છે ! વાત બેયની સાચી છે પણ નજર એકની જ સાચી છે.

(ટચુકડી કથાઓમાંથી આભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) જસવંતરાય સી. ગાંધી પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત ઉપપ્રમુખ
(૩) ભાસ્કરરાય વી. વકીલ ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા માનદ્‌મંત્રી
(૫) મનીષકુમાર આર. મહેતા માનદ્‌મંત્રી
(૬) મનહરલાલ વી. ભંભા માનદ્‌મંત્રી
(૭) હસમુખલાલ જયંતીલાલ શાહ ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અડધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

## અનુક્રમણિકા

(૧) પૂ.મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. હેમચંદ્રાચાર્ય એવોર્ડથી સન્માનિત ૨
(૨) ક્રોધના કારણે.... મુનિશ્રી પ્રેમ પ્રભસાગરજી મ. ૩
(૩) પં.શ્રી ભદ્રંકરસૂરિજીના પ્રવચનો પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ૪
(૪) બુદ્ધિહિન નાયક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ૮
(૫) અપ્રમાદ એ જ ઉપાસના લક્ષ્મીચંદભાઈ છ.સંઘવી ૧૨
(૬) ઉપધાન તપની મંગલ આરાધના ૧૪
(૭) જૈન વિચાર સરણી અનુસાર જીવો ડૉ.પીટર ફ્લુગેલ ૧૫
(૮) ટીવીની અસર - દેવશી પટેલ ૧૬
(૯) પુરાં પુણ્ય કર્યા હોય... - સુશીલ ૧૮
(૧૦)શું જીવન નિયમબદ્ધ બનાવવું અનિવાય છે પં.શ્રી ગુણસુંદરવિજયજી ૨૦
(૧૧)જન્મ મૃત્યુનું મૂળભુત કારણ : રાગદ્વેષ આગમોદ્ધારક માસીકમાંથી ૨૧
(૧૨)આત્માનંદ સભાનો વાર્ષિક અહેવાલ ૨૨
(૧૩) વિતરાગનો સાધુ સુખી કેમ ? આ.શ્રી વિજયકીર્તિયશસૂરિજી મ. ૨૪
(૧૪) સામાન્ય સભાનો પરિપત્ર ટાઈટલ પેઈજ નં. ૩

**આ સભાના નવા આજીવન સભ્ય**

શ્રી નગીનદાસ જગજીવનદાસ કપાસી
શાહ ટાયર્સ, વડોદરા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આગમપ્રજ્ઞ પૂ.મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. હેમચંદ્રાચાર્ય એવોર્ડથી સન્માનિત



શ્રુતસ્થવિર, દર્શનપ્રભાવક, તત્વજ્ઞ, એવા મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.સાહેબ કલિકાલમાં ખરેખર સિદ્ધાંત આદીના રહસ્યોને જાણનારાઓમાં અગ્રેસર છે. મુનિરાજ શ્રીએ દ્વાદ્શારંનયચક્રમ્ ગ્રન્થની ટીકા ઉપરથી પુનઃમૂળનો ઉદ્ધાર કરેલ છે. આવા અનેક શ્રુતસુકૃતો કરવા બદલ જસવન્તા ધર્માર્થ ટ્રસ્ટ (બી.એલ. ઈન્સ્ટીટ્યુટ-દીલ્હી) તરફથી કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ તા.૧૫-૧૧-૦૫ ને મંગળવારે બપોરે ૩-૦૦ વાગે સાગોટાપાડો - નાતની વાડીમાં એવોર્ડ સમારોહ શ્રી ખંભાત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (સાત સંઘ સ્થાપિત) ના ઉપક્રમે રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પૂજ્યશ્રીના માંગલિક પ્રવચનથી થઈ. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનનું સ્વાગત સતીષભાઈ ચોકસીએ કર્યું હતું. પછી પંડીતવર્ય જીતુભાઈએ ભોગીલાલ લેહરચન્દ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી, દીલ્હી સંસ્થા અંગેની પ્રવૃત્તિની માહિતી તેમજ આ એવોર્ડ પૂજ્યશ્રીને શા માટે આપવામાં આવે છે તે જણાવ્યું હતું અને વિશેષમાં તેઓએ જણાવ્યું હતું કે આ ગુરૂદેવનું સન્માન નથી પણ સન્માનનું સન્માન છે. પૂજ્ય પન્યાસપ્રવર શ્રી હિતવર્ધનવિજયજી મ.સાહેબે જણાવ્યું હતું કે અજ્ઞાની માણસ અજ્ઞતામાં અને જ્ઞાની માણસ જ્ઞાનમાં કેવી રીતે મગ્ન હોય છે તેની વિશેષ છણાવટ કરી હતી, શ્રી નવીનભાઈ ગાંધી (ગોકુલ આઈસ્ક્રીમવાળા) એ કહ્યું હતું કે સાહેબ માટે જો હું બોલવા જઉ તો રાત પડી જાય પણ વાત ખુટે નહી, અને ગુરૂની ભક્તિ શિષ્ય કરે એમ ગુરૂ પણ શિષ્યની કેવી માવજત રાખે તેનું ઉદાહરણ આપ્યું હતુ. શ્રી શશીકાન્તભાઈએ પૂજ્યશ્રીને કહ્યું હતું કે આપ ઘણું જીવો કે જેથી અમારૂં આયુષ્ય પણ વધારે થાય, સાથે આજના શાસનના વિકટ પ્રશ્નના સમાધાન જો કોઈ કરી શકે એવા હોય તો તે આપ જ છો તેમ જણાવ્યું હતું. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી. અનુભવિ એવા પદ્મશ્રી કુમારપાલભાઈ દેસાઈએ પોતાના વકતવ્યતામાં જણાવ્યું હતું કે લંડનની લાઈબ્રેરીમાં કુલ ૨૮૦૦ હસ્તલેખિત પ્રતો છે. ત્યાં વાળાના સહકારથી તેનો કેટલોક બનાવાનું નક્કી થયું પણ પ્રસ્તાવના કોની પાસે લખાવવી. ઘણાના નામો વિચાર્યા બાદ પૂજ્યશ્રીની જ્યારે વાત આવી ત્યારે બધાની સહર્ષ સન્મતિ પ્રાપ્ત થઈ ગઈ હતી. તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે, આજે જે માત્ર આડંબરમાં રૂપિયા ખર્ચાય છે અને માત્ર ભવ્ય, અતિભવ્ય, ભવ્યાતિભવ્ય શબ્દો જ વપરાય છે તે માત્ર અપૂર્ણ ધર્મ છે. પણ અનુકમ્પા-જીવદયા આદિ આપણા જૈન સિદ્ધાંતના મુખ્ય અંગ છે તેનું પાલન આપણે કરવું જોઈએ. આપણે સહુએ માત્ર પોથી પૂજા કરી છે પણ પોથી ખોલીને તેને વાંચવું તે આપશ્રીનું જ કાર્ય છે. ત્યારબાદ દેવેન્દ્ર યશવન્તાએ ટ્રસ્ટની સામાન્ય રૂપરેખા આપી હતી. પૂજ્યશ્રીને એવોર્ડ સાતે સંઘના આગેવાનોએ અર્પણ કરેલ. સમાપન સમયે અંતમાં પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.એ જણાવ્યું કે હું ખરેખર નાનો માણસ છું. બધા મારી પ્રસંશા કરે તેને હું અટકાવી શકતો નથી, પણ ભગવાનને એટલું જ કહું છું કે તેઓએ મારા માટે જે કહ્યું છે તેને પાત્ર હું બનું. પૂજ્ય માતા - પિતા, ગુરૂ મહારાજ અને

**અનુસંધાન પાના નં. ૧૧ ઉપર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન ધર્મની પાંચ આગમ કથાઓ

## (એક) ક્રોધના કારણે...

પરિવ્રાજિક ફરતો ફરતો એક નગરમાં આવી ચડ્યો. ત્યાં ચિંતામાં ડૂબેલા એક ગરીબ આદમીને જોઈને એણે પૂછ્યું,

'આપ આમ શા માટે ચિંતાતુર થઈને બેઠા છો ?'

પેલો આદમી બોલ્યો, 'હું અત્યંત ગરીબ છું. મારા કુટુંબનું ભરણપોષણ કરવા અશક્તિમાન છું. રાત-દિવસ હું તે અંગે ચિંતા કરૂં છું.

પરિવ્રાજિક બોલ્યો,

'ગભરા નહિ, તને હું ધનવાન બનાવી દઈશ, પણ તારે હું કહું ત્યાં જવું પડશે અને જે કરવાનું કહું તે કરવાનું રહેશે.'

પેલી વ્યક્તિએ તે કબૂલ્યું અને તેઓ બન્ને ત્યાંથી ચાલી નીકળ્યા.

પારિવ્રાજિક એને પર્વતની હરિયાળી પર લઈ ગયો અને કહ્યું,

'જો જે લોકો ટાઢ, તડકો, ઠંડી, ગરમી વગેરે એવી કોઈ બાબતની પરવા કરતા નથી, ભૂખ અને તરસ સહન કરી શકે છે, બ્રહ્મચર્ય પાળે છે, પત્ર - પુષ્પ - ફળનો આહાર કરે છે અને મનમાં કલેશ રાખતા નથી, તેવા લોકોને સુવર્ણરસની પ્રાપ્તિ થાય છે. આ એને પ્રામ કરવાની રીત છે. છે તારી તૈયારી ?'

પેલા દરિદ્રે પરિવ્રાજિકે બતાવેલ વિધિ વડે સુવર્ણરસની પ્રાપ્તિ કરી લીધી.

સુવર્ણરસ લઈને બન્ને પાછા જવા લાગ્યા. ત્યારે પેલા પરવ્રાજિકે કહ્યું,

'જો ગમે તે વ્યક્તિ તને ગુસ્સે કરે તો પણ ગુસ્સો કરતો નહીં અને આ સુવર્ણરસનો ત્યાગ કરતો નહીં.'

પેલા ગરીબે પણ હવે તેમ કરવાનું કબૂલ્યું. હવે તે ધનવાન થયો હતો. અહેસાનમંદ હતો એ.

પછી પરિવ્રાજિક માર્ગમાં ચાલતાં ચાલતાં વારંવાર કહેવા લાગ્યો :

'ધ્યાન રાખ, તું મારા કારણે ધનવાન થયો છે ?'

વળી થોડીવાર થઈ કે પરિવ્રાજિકે ઉપરોક્ત વચનનું પુનરાવર્તન કર્યું.

વળી થોડીવારે પરિવ્રાજિકે એનું એ જ પુનરાવર્તન કર્યું.

આ સાંભળીને પેલાએ ગુસ્સે થઈને કહ્યું,

'જો તમારા પ્રભાવથી હું ધનવાન બન્યો હોઉં તો એવા ધનવાનપણાને હું લાત મારૂં છું.'

આમ કહીને એણે પેલો અમૂલ્ય સુવર્ણરસ જમીન પર ઢોળી નાખ્યો.

અને પરિવ્રાજિક બરાડી ઉઠ્યો :

'અરે દુષ્ટ, તેં આ શું કર્યું ? જે સુવર્ણરસ કઠિન શ્રમે પ્રાપ્ત કર્યો હતો, તેને ક્ષણભરના ગુસ્સામાં ઢોળી નાખ્યો. હવે તારે જ પસ્તાવું પડશે !

ક્રોધના કારણે ઘણું નુકશાન થાય છે.

સંદર્ભ : નિશીથસૂત્ર ઉદ્દેશ ૧૦ : મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ. 'મુનિ વાત્સલ્યદીપ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા. ના પ્રવચનો (સંવત ૨૦૧૮ પોષ સુદ - ૯ રવિવાર, પોળની શેરી, પાટણ)

मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु ।
मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥

## વ્યાખ્યાન : ૭

પોષ સુદ - ૯ રવિવાર
પોળની શેરી, પાટણ

એક બાજુ સોનાનો મેરૂ અને એક બાજુ માનવનો દેહ છે. તે બેમાં માનવનો દેહ ઉત્તમ છે. કિંમતી છે. એની કિંમત જે ન સમજે તે રત્નના પાત્રમાં જેમ કોઈ મદિરા ભરીને તેનો દુરૂપયોગ કરે છે, તેમ જીવ અજ્ઞાનતાના કારણે આ દેહનો વિષય - કષાય દ્વારા દુરૂપયોગ કરીને એળે ગુમાવી દે છે. જ્ઞાનીઓને એની કરૂણા આવે છે.

આ માનવ દેહનો અશુભમાં ઉપયોગ કરતાં જોઈ જ્ઞાનીઓ આપણી આંખ ઉઘાડે છે. સર્વજ્ઞ ભગવાન કરૂણાથી માનવ દેહને સફળ કરવા માટે ઉપદેશ આપે છે.

વચન એ જ્ઞાનનું વાહન છે. પ્રભુના જ્ઞાનને ગણધરો વચનથી જ જગતમાં પ્રકાશિત કરે છે. વચન દ્વારા ઉપદેશનું દાન કરે છે. વચનરૂપી સોટીથી પ્રમાદી જીવોને જ્ઞાનીઓએ જાગૃત કર્યા. ભગવાનનું વચન ન માને તેની શિક્ષા ભગવાનને કરવી પડતી નથી, પણ વિશ્વમાં એક સત્તા એવી છે કે જે પ્રભુ આજ્ઞાથી વિરૂદ્ધ વર્તન કરે છે તેને તે શિક્ષા કરે છે. તેનું નામ કર્મસત્તા છે.

લાગણી - વાત્સલ્ય અને પ્રેમ એ માતામાં સહજ છે. તીર્થંકરો તો માતાની પણ માતા છે. એટલા માટે વિશ્વવત્સલ કહેવાય છે.

વિષયોની સ્વતંત્રતા તો મનુષ્ય કરતાં પશુઓને પણ વધારે હોય છે. છતાં તે વખાણવા લાયક કેમ નથી ? ત્યાં વિવેક નથી. હોંશિયારમાં હોંશિયાર પશુ કરતાં અજ્ઞાનીમાં અજ્ઞાની ગણાતો માનવ વધારે સમજી શકે છે. પશુઓમાં જ્ઞાન નથી. મનુષ્યોમાં જ્ઞાન છે, વિવેક છે, હિતાહિતનો વિચાર તે કરી શકે છે. તેથી મનુષ્ય જન્મ શ્રેષ્ઠ કહેવાય છે. ગમ્યાગમ્યનું જ્ઞાન પશુઓમાં નથી. મનુષ્યોમાં હોય છે.

અન્ન વગેરેનું દાન જરૂરી છે, ઉપયોગી છે. છતાં બધા દાનમાં જ્ઞાનનું દાન એ શ્રેષ્ઠ દાન છે. જ્ઞાનથી જ મનુષ્ય દયાળુ બની શકે છે. દયા એ બધા ધર્મનું મૂળ છે.

સુખ - દુઃખનું માપ ભૌતિક દ્રષ્ટિએ નથી પણ સદ્ગુણની પ્રાપ્તિ આદિની દ્રષ્ટિએ છે. તેથી રત્નત્રયીની દ્રષ્ટિએ સાચા સુખનું માપ નીકળે છે. જ્ઞાન - દર્શન - ચારિત્રની વૃદ્ધિ માટે જે સગવડ જોઈએ તે હંમેશા ફોગટ જ મળે છે. કલિકાલમાં પણ આ બંધુ પ્રત્યક્ષ છે. આજે કલ્પવૃક્ષ નથી પણ સાધુતાના રક્ષણ માટે આજે પણ દાતારૂપી કલ્પવૃક્ષ વિદ્યમાન છે. રત્નત્રયીની રક્ષા માટે ઘણી જ ઓછી જરૂર રહે છે. એ કોઈને ભારી પડતી નથી. સાધકનું શરીર માગે છે થોડું અને કામ કેટલું આપે છે. તેનું માપ કાઢવામાં આવે તો જણાય કે ક્ષણવારમાં અનંત ભવના કર્મ ક્ષય થાય એટલું કામ આપે છે.

જરૂરિયાતથી વધારે જે ઈચ્છતો નથી તેને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદી ભીડ પડતી નથી. વધારાનું જે દાનમાં ખર્ચે છે તેને લક્ષ્મીની ભીડ પડતી નથી. ધર્મ કરતાં ધન વધે એવો નિયમ છે. દાન આપનારને કદી ભીડ પડતી નથી. જેટલું ત્યાગ્યું એટલું આપણું એવી જેને સમજ છે તે સમજ છે તે દાન આપવામાં કદી કંટાળતો નથી. પણ તેને દાન ક્રિયામાં રસ આવે છે.

દીક્ષા લેનારા જેટલો બોજો બીજા ઉપર નાખે છે તેના કરતાં કઈ ગુણો અધિક બીજાનો બોજો ઉતારે છે. પ્રભુનું મંદિર છે તો થોડો બોજો વધ્યો. પણ મંદિરે આપણો બોજો ઉતાર્યો કેટલો... ? નરક અને તિર્યંચ ગતિનું નિવારણ કર્યું એ બોજો આપણો ઉતરી ગયો. મંદિર હોય તો દરરોજ સવારે પ્રભુના દર્શનની સગવડ થઈ કે જે દર્શનથી દરરોજ આપણા પાપ નાશ પામે છે. **'दर्शनात् दुरित ध्वंसी'** પ્રભુ દર્શનથી પાપ નાશ પામે છે.

બીજા ઉપર દોષનો ટોપલો ઢોળી દેવો એ કળા અનાદિ કાળથી જીવને વરી છે. તેમાં આજે ભરતી આવી છે. ખરી રીતે આપણું જે કંઈ સારૂં થાય છે તે આપણા સિવાય બીજાના ભાગ્યથી, બીજાના પ્રભાવથી અને આપણું જે ખરાબ થાય છે તેમાં આપણો પોતાનો પ્રભાવ છે. આ જિનશાસનનો પાયો છે. જિનશાસનની એ આરાધના છે. જિનશાસન આરાધના માટે છે. માત્ર વખાણવા માટે નહિ, પણ પામવા માટે છે. ગર્વ માટે નથી પણ ગર્વ ટાળવા માટે છે. જિનશાસનના મૂળ મંત્રમાં જ 'નમો' પદ છે. તે નમ્રતા સૂચક છે. નમ્રતા એ અહંકારને ટાળવાનો ઉપાય છે.

(વધુ આવતા અંકે...)






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સૌથી મોટું આશ્ચર્ય

મોત એટલે આ ભવના તમામ સંબંધો પર પૂર્ણવિરામ, અનંત ભવ પ્રવાહમાં અલ્પવિરામ અને 'પરલોકમાં શું થશે' એ અંગે પ્રશ્નચિન્હ, પણ છતાં આપણે જીવનની બાજી ગોઠવતી વખતે આ મોતને ભૂલી જઈએ છીએ, એ જ સૌથી મોટું આશ્ચર્ય ચિન્હ છે.

- પં.શ્રી અજિતશેખરવિજયજી ગણિ.

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર.

**Manufacturer's of C.I. Casting. Ph. : 2445428 - 2446598**

**Mfrs. of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire Force Station,
DAMAN (U.T.) - 396210.



Tel. : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 663
Email : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi Ind. Est.
Goregoan (E)
MUMBAI - 400 069



Tel. : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
Email : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા
## જ્ઞાન પંચમી મહોત્સવની ઉજવણી

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૬૨ કા.સુ.૫ રવિવાર તા.૬-૧૧-૦૫ના રોજ જ્ઞાન પંચમીના પાવન પર્વના સુઅવસરે સભાના વિશાળ લાઇબ્રેરી હોલ ખાતે સુંદર, કલાત્મક અને લાઇટ ડેકોરેશનના ઝગમગાટ પૂર્વક જ્ઞાનની ગોઠવણી સભાના સ્ટાફ ભાઇઓ દ્વારા કરવામાં આવી હતી.

સવારના ૫-૩૦ વાગ્યાથી રાત્રીના ૯ દરમ્યાન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સકલ શ્રી સંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ તથા નાના-નાના બાલક-બાલિકાઓએ આ નયનરમ્ય જ્ઞાનની ગોઠવણીના હોંશપૂર્વક દર્શન-વંદનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો. ઘણા બાળકો કાગળ-કલમ આદિ સાથે લાવી જ્ઞાનની ભક્તિભાવપૂર્વક પૂજા કરી હતી.

સુંદર, કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે આવનાર વિશાળ દર્શનાર્થીઓના અવિરત સમુહને જોઇ ટ્રસ્ટીગણે ઊંડા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## ગોવંશ હત્યા પ્રતિબંધ અન્વયે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું અભિવાદન

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સનિષ્ઠ પ્રયાસોથી ''ગોવંશ હત્યા પ્રતિબંધ'' કાયદાને સુપ્રીમ કોર્ટે બહાલી આપી છે.

અહિંસાનું આ ઉમદા કાર્ય કરવા બદલ ભાવનગર જૈન સમાજના ચારેય ફીરકા દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના જાહેર અભિવાદનો કાર્યક્રમ તા.૩-૧૨-૦૫ને રવિવારના રોજ સાંજના ૪-૩૦ કલાકે અક્ષરવાડી ખાતે યોજવામાં આવેલ. જેમાં ૧૦૮ સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું બહુમાન કરવામાં આવેલ. આપણી સભાના પ્રમુખશ્રી આદિએ પણ આ સન્માન સમારંભ પ્રસંગે ખાસ હાજર રહી મુખ્યમંત્રીશ્રીનું હારતોરા કરી બહુમાન કરેલ.

શાસન સમ્રાટ સમુદાયના આચાર્ય ભગવંત શ્રી પ્રબોધ-ચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આચાર્ય ભગવંત શ્રી ધર્મધ્વજ સૂરીશ્વરજી મ.સા.ની વિશેષ ઉપસ્થિતિમાં આ બહુમાન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ધર્મધ્વજ-સૂરીશ્વરજી મ.સા. પ્રેરિત અને પ્રોફેસર પ્રફુલ્લાબેન વોરા લિખીત ''શ્રી ગોડીજી પાર્શ્વનાથ પરિમલ'' પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવેલ.

સાત થી આઠ હજાર ભાવિકોની ઉપસ્થિતિમાં આ અભિવાદન કાર્યક્રમે સમગ્ર ભાવનગર શહેરને ભક્તિમય બનાવી જૈન શાસનનો જય જયકાર કરાવેલ.

### : શોકાંજલિ :

આપણી સભાના પેટ્રન મેમ્બર શ્રી ભાનુચંદ્ર દલીચંદ ગાંધી-મુંબઇ મુકામે ગત તા.૧૪-૧૧-૦૫ના અવસાન પામેલ છે. સદ્‌ગતશ્રી ભાનુભાઇ આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. સભાના માનદ્ સેવાના કાર્યોમાં પણ તેઓશ્રી અવાર-નવાર આવકાર દાયક સલાહ-સૂચનો લખી મોકલતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બુદ્ધિહીન નાયક

લે : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. (ચિત્રભાનુ)

**નેતાની પસંદગીમાં માણસે અતિ સાવધાન રહેવું જોઈએ. જેનો નેતા બુદ્ધિહીન, શક્તિહીન અને ચારિત્રહીન તે પ્રજા અજ્ઞ, નિર્બળ અને અસંયમી જ થાય ને ?**

સુઘોષ નામના ગામમાં રહેતા સર્વપશુ નામના તાપસના પરાક્રમો કોણે નથી સાંભળ્યાં ? અને સાંભળ્યાં પછી એવો કયો ગંભીર માનવ હશે કે જે એના પરાક્રમો પર ન હસ્યો હોય ? હું માનું છું કે તમે એના પરાક્રમો નથી સાંભળ્યા, એટલે જ તમે ગંભીર જણાઓ છો. લો ત્યારે તમને એનું એક કથાકોષમાંનું પરાક્રમ વર્ણવી બતાવું.

સર્વપશુ તાપસને એક સુંદર બગીચો છે. અનેક ફળોથી સુશોભિત ઘટાદાર વૃક્ષો, પુલકિત પુષ્પોથી લચી પડતી વેલડીઓ અને નયનને ચિર શાંતિ અર્પતી નવપલ્લવિત કુંપળીઓ - આ મનોહર બગીચાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે !

હમણા જ પડું પડું થતી ફદફદતી ફાંદવાળો સર્વપશુ આ બગીચાનું રક્ષણ સાવધાનપણે કરે છે. જીવથી પણ વ્હાલી એવી આ વાડીનું જતન કરતાં, એક પ્રભાતે વાડીના કયારાઓમાં કેટલાક ગાયના પગલાં, એને ધૂળમાં દેખાય છે. પગલાં જોતાં જ કુપિત થયેલો સર્વપશુ વિચારતરંગોમાં તણાય છે:- આ ગાય કોની હશે ? ક્યારે આવતી હશે ? ક્યાંથી આવતી હશે ? બગીચામાં પેસવાનું બારણું તો સદા બંધ જ રહે છે, છતાં આ અંદર કેવી રીતે આવી હશે ? ગમે તેમ હો પણ આ ગાયની ખબર લેવી પડશે - હાડકાં ખોખરાં કરવાં પડશે !''

કોક જ એવો વિરલ ભ. મહાવીર જેવો સંત હશે કે જે પોતાનું બુરૂં કરનારને પણ અમીભરી દૃષ્ટિથી નિહાળતો હશે ! જગતમાં કહેવાતા પામર સંતો તો નજીવી બાબતથી પણ ક્રોધના મહાસાગરમાં ડૂબી જાય છે - મરણને શરણ થાય છે !

બીજે દિવસે કાજળ ઘોળી રાત્રિમાં, હાથમાં એક લાકડી લઈ, સાવધાનપણે બગીચાના એક ખૂણામાં બેઠેલ તાપસની કોડા જેવી આંખો અંધકારમાંય વિજળીની જેમ ચમકે છે.

માઝમ રાતે આકાશમાંથી એક ગાય ઉતરીને, ધીર-ગંભીર ગતિએ, બગીચામાં ચરવા લાગે છે. આ દૃશ્ય જોઈ, ચકિત બનેલો તાપસ એકદમ દોડીને ગાયનું પૂછડું જોરથી પકડી લે છે, પૂછડું પકડતાં જ ગાય ગગનમાર્ગે પક્ષીની જેમ ઊડવા માંડે છે. ગાયના પૂછડા પર લટકતો તાપસ, ઉપર ગાયની લાતથી ગભરાય છે, અને નીચે પૃથ્વીના ઊંડાણને જોઈ આંખ મીચે છે. ન રહ્યો આકાશનો કે ન રહ્યો પાતાળનો ? જાણે ત્રિશંકુ !

થોડી જ વારમાં ગાય કોઈ એક સ્વર્ગીય ઉપવનમાં જઈ થંભે છે. ગાયનું પૂછડું છોડી ચારે તરફ દૃષ્ટિ ફેરવી, ત્યારે જ એને જણાય છે કે, ભવ્ય મહેલાતોથી સુશોભિત આ તો સ્વર્ગનો જ એક વિભાગ છે.

અહિ મહામૂલા રત્નોથી જડેલા પગથિયાંવાળી વાવડી પોતાના નિર્મળ જળરૂપ સ્વચ્છ દાંતમાંથી હાસ્ય કિરણના રૂપેરી ટુકડા પાથરી રહી છે. આ વાવડીમાં વિકસતી કમલિનીઓ, સૂર્યના પુરોગામી અરૂણના રક્તવર્ણી મુખડાને નિરખવા વારંવાર ઊંચી નીચી થઈ રહી છે. સૂર્ય પણ પોતાની વિરહિણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમલિનીઓના મધુર સ્મિતનું પાન કરવા અરૂણની પાછળ ધસમસતો મારતે ઘોડે આવી રહ્યો છે. આ અનિર્વચનીય દૃશ્યમાં મગ્ન બનેલા તાપસના કાનમાં નવીન શબ્દોનો પડઘો પડે છે. -

'તાપસ ! આમ મુગ્ધ કેમ બની ગયો છે ? જો હું કામધેનું છું, મારા જ આ ઊંચા મંદિરો છે. તારા નયનને ચકિત બનાવી દેતી આ રત્નજડિત પગથિયાવાળી વાવડી પણ મારી જ છે, અને આ ફલ, ફૂલ ને વેલડીઓથી વિંટળાએલ ઘનઘોર ઘટાદાર તરૂવરોથી શોભતું ઉપવન પણ મારૂં છે. છતાં મારા જાતિ સ્વભાવ પ્રમાણે મારૂં આ સુંદર ઉપવન મૂકીને પારકા બગીચામાં ચોરીથી ચરવા જાઉં છું. જેમ કપૂરનું ખાતર નાખો, સૌરભવાળા જળનું સિંચન કરો, અને પાનડે પાનડે કસ્તૂરી અને ચંદનનું વિલોપન કરો તોય ડુંગળીનો જાતિસ્વભાવ - દુર્ગન્ધ જતી નથી, તેમ મારો પણ પારકા ખેતરમાં ચોરીથી મોઢું નાંખી આવવાનો જાતિસ્વભાવ જતો નથી !''

તાપસ વચ્ચે જ બોલે છે - ''તારો જેમ પારકા બગીચામાં મોં નાંખવાનો સ્વભાવ છે તેમ મારો કોઈપણ ચોરીથી ખાઈ જનારના હાડકાં ખોખરાં કરવાનો સ્વભાવ છે, તેનું શું ?''

કામધેનું નમ્ર રીતે વદે છે - ''પ્રશ્ન ઠીક છે. પણ ઉત્તર રસિક છે. જો, તું મારે ત્યાંથી સિંહકેશરીઆ લાડવા ખાઈ જજે અને હું તારા બગીચામાં મારી ઈચ્છા પ્રમાણે ચરી જઈશ. આ વિનિમય ઠીક પડશે.'' એમ કહી કામધેનુ સિંહકેશરીઆ એની આગળ ધરે છે.

લાડવા ખાઈ ખુશ બનેલો સર્વપશુ આ વાત મંજુર રાખે છે. તપાસ તે દિવસ સ્વર્ગમાં વ્યતીત કરી બીજી રાત્રિએ કામધેનુનું પૂછડું પકડી પૃથ્વીપટ પર આવી, મઠ ભેગો થાય છે ! રસના ઈન્દ્રિયના સ્વાદથી ઉદ્‌ભવ થતો આનન્દ ક્ષણિક છે, પણ એનું પરિણામ દીર્ઘ હાનિકારક છે. તલવાર કરતાં રસના ઈન્દ્રિયે માનવોના ઘણા ભોગ લીધા છે. અન્ય ઈન્દ્રિયો કરતાં સ્વાદ ઈન્દ્રિયનું બંડ અતિ ભયંકર છે. રસના પર વિજય મેળવનાર જ બીજી ઈન્દ્રિયો પર વિજય મેળવી શકે છે - આ વાત આ પામર સર્વપશુ તાપસને ક્યાંથી સમજાય ? અને તેથી જ તાપસ અને કામધેનુનો લાડવાના ભોજન માટેનો ગમન - આગમનનો રિવાજ રોજનો થઈ પડે છે.

એક દિવસ તાપસને એક વિચાર ઉદ્‌ભવે છે ''સિંહકેશરીઆ કેવા મઝાના છે ! શું એની લહેજત ! આવા અપૂર્વ મોદકો હું એકલો ખાઉં અને શિષ્યો વંચિત રહી જાય, એ કેમ બને ? લાડવા ચેલાઓ ખાશે તો મારા ગુણ ગાશે અને કહેશે કે વાહ રે ગુરૂજી !''

બીજા દિવસે, આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે, ગાયની આગળ આ પ્રશ્નની રજુઆત કરે છે. અને કહે છે કે 'જો તમારી આજ્ઞા હોય તો મારા પરિવારને આપના લાડવાના મહેમાન બનાવું.'

કામધેનુ, તપાસનું અપમાન ન કરવા માટે અને જોડેલી મૈત્રી નિભાવવા માટે, હા પાડે છે. ખરેખર ઉત્તમ આત્માઓનો હૃદયસાગર દાક્ષિણ્યાદિ ગુણરત્નોથી ઊભરાતો હોય છે !

કામધેનુની 'હા,' સાંભળતાં જ તાપસનું ફળદ્રુપ ભેજું ગગનનગર ભણી જવાની યુક્તિ શોધી કાઢે છે. રાત્રે બધા ચેલાઓને ભેગા કરી એ જણાવે છે - ''જુઓ, તમારે આજે રાત્રે કામધેનુના મહેમાન બનવાનું છે. ભોજનમાં દેવતાઈ સિંહકેશરીઆ લાડવા પીરસાશે, માટે તૈયાર થઈ જાઓ.''

શિષ્યોને ગુરૂની આ કઢંગી વાત મગજમાં ન ઉતરતાં, એક સાહજિક પ્રશ્ન શિષ્યોથી પૂછાઈ જાય છે. - ''આપણે આકાશમાં કેવી રીતે જઈશું, પાંખો તો નથી કે જેથી ઊડી શકીએ ?''

પણ ત્યાં તો તપેલો તાપસ ગર્જી ઉઠે છે - 'તમારે તે વાતની ચિંતા કરવાની ન હોય, ગુરૂ હું છું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિં કે તમે ! તમારે તો મારી આજ્ઞા જ શિરોવન્દ્ય કરવાની હોય. ગુરૂ આજ્ઞામાં તર્કને સ્થાન નથી. જુઓ, આ કામધેનુ આવી રહી છે. હું એનું પૂછડું પકડીને લટકીશ. તમે મારા પગ મજબૂત રીતે પકડીને, મારા પગે લટકજો. તમારા શિષ્યો તમારા પગે લટકશે - એમ સાંકળની જેમ હારમાળામાં ગોઠવાઈ જઈશું. પછી ગાય આકાશમાં ઊડશે એટલે આપણે પણ એના પૂછડાના આધારે ગગનનગરમાં પહોંચી જઈશું અને સિંહકેશરીઆનો આસ્વાદ કરીશું સમજ્યા ને ?'' આટલું બોલતાં તો તાપસના મોંમા પાણી છૂટવા લાગે છે.

આકાશની ગુલાબી હવામાં મુસાફરી ચાલુ થાય છે ! ગગનનો મધુરો પ્રવાસ જરા લાંબો સમય માંગે છે. માઈલોનું અંતર કામધેનું આ ટોળાને લઈને ધીમી ગતિએ કાપી રહી છે. અર્ધો પંથ કપાઈ ગયો હોય છે, ગુરુ ને શિષ્યોના મનમાં કંઈક અવર્ણનીય ગગનગામી કલ્પનાઓ સાગરના તરંગોની જેમ ઉદ્‌ભવી રહી છે. એવામાં એક શિષ્ય તાપસને પ્રશ્ન પૂછે છે -

''ગુરૂજી ! સિંહકેશરીઆ લાડવા કેવડા મોટા છે ?''

બુદ્ધિશાળી (?) ગુરૂ પોતાની કુશાગ્રબુદ્ધિનું (?) પ્રદર્શન કરતાં, બે હાથ પહોળા કરી કહે છે -

''આવડા મોટા-''

''આવડા મોટા'' આ વાક્ય પૂર્ણ થતું નથી, તે પહેલાં જ શિષ્યોનાં ટોળા સહિત કમનસીબ સર્વપશુ એક જબરજસ્ત શિલા પર આવી પછડાય છે. રાત્રિના શાન્ત વાતાવરણમાં આ મન્દ બુદ્ધિવાળો તપાસ અને લોભી શિષ્યો કર્ણના પડદાને ભેદી નાખતી ચીસો પાડી પાડીને તરફડિયા મારી રહેલ છે, એમના અંગે અંગમાંથી ફૂટી નીકળેલી શોણિત-સરિતા, કરૂણ રૂદન કરતી વહી રહી છે. પ્રભાતમાં મુડદાઓથી ઉભરાતી આ ભયંકર શિલાનું કરૂણ દ્રષ્ય જોઈ એક કવિના મુખમાંથી આ શબ્દો સરી પડે છે.

**सर्वेऽपि लोमिनो यत्र मन्दबुद्धिजनाश्रिताः ।**
**तत्र नैवानुगैमर्व्यिं तां श्रुत्वा मोदकीं कथां ॥**

બુદ્ધિ વગરના નાયકની નિશ્રાએ જ્યાં લોભી માણસો વસતા હોય ત્યાં, આ લાડવાની વાર્તા સાંભળીને, તેનું અનુકરણ કરવું નહિ

(સંસ્કાર સંભાર પુસ્તકમાંથી આભાર)

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની ૧૧૦મી વર્ષગાંઠની ઉજવણી

ભાવનગર શહેરની સુપ્રસિદ્ધ સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાની ૧૧૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે ગત તા.૧૦-૧-૦૬ થી તા.૧૨-૧-૦૬ દરમ્યાન ભાવનગરની પ્રેરણાદાયક પ્રવૃત્તિથી સુપ્રસિદ્ધ એવી શ્રી શ્વેતાંબર જૈન સેવા સમાજના ગુલાબી તેમજ પીળા કાર્ડ ધરાવતા દરેક કાર્ડ ધારકોને અડદીયા પાક તથા ખજુર પાકનું વિતરણ કરવામાં આવેલ.

અડદીયા પાકના વિતરણ દાતાશ્રી રસીકલાલ ધનજીભાઈ વોરા - વલભીપુરવાળા, શ્રી અરવિંદભાઈ વેલચંદભાઈ જોટાણી - વલભીપુરવાળા, તથા શ્રી મુકુંદરાય મનસુખલાલ શાહ તેમજ ખજુરપાકના વિતરણ દાતા ભાવનગરના જાણીતા દાનવીર ડો. શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા હસ્તે શ્રીમતી સાવિત્રીબેન આર. મહેતાના સૌજન્યથી કરવામાં આવેલ.

આ સદ્‌કાર્યમાં સભાના માનદ્‌મંત્રીશ્રી મનહરલાલ કે. મહેતા તથા ખજાનચી શ્રી હસમુખલાલ જે. શાહના પ્રયત્નો મુખ્યત્વે હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## [illegible] આત્માનંદ સભા આયોજિત [illegible]

શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર દ્વારા ગત તા. ૮-૧-૦૬ ને રવિવારના રોજ ઘોઘા, પાર્શ્વભક્તિધામ - તણસા, તળાજા, દાઠા, ડેમ, પાલીતાણા, તલેટીનો એક દિવસીય તીર્થ યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસમાં સભાના સભ્યશ્રીઓ તેમજ ગેસ્ટશ્રીઓ જોડાયા હતા.

ભાવનગરથી એક લકઝરી બસ દ્વારા વહેલી સવારે ૭-૦૦ કલાકે નીકળી ઘોઘા પહોંચ્યા હતા. અહિં સેવા - પૂજા - દર્શન - ચૈત્યવંદન તથા નવકારશી કરી પાર્શ્વભક્તિ ધામ પહોંચ્યા હતા. અહિં દર્શન - વંદન કરી તળાજા પહોંચ્યા હતા. અહિં તાલધ્વજ તીર્થની યાત્રા, પૂજા, દર્શન, ચૈત્યવંદન કરી દાઠા પહોંચ્યા હતા. અહિં દેવદર્શન, પૂજા, ચૈત્યવંદન અને બપોરનું જમણ લઈ ડેમ પહોંચ્યા હતા. અહિં દેવદર્શન, ચૈત્યવંદન તથા સાંજનું જમણ લઈ પાલીતાણા તલેટી પહોંચ્યા હતા. અહિં તલેટીમાં દર્શન - વંદન કરી ભાવનગર પરત પહોંચ્યા હતા. આમ પંચતીર્થનો અનેરો લ્હાવો લેવામાં આવ્યો હતો.

**: મુકેશ સરવૈયા**

**માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ : મુંબઈ :** જૈનોની વસ્તીવાળા ૮૦ થી ૧૦૦ ગામોના જિનાલયના જિર્ણોદ્ધાર તેમજ નવા જિનાલયના જિર્ણોદ્ધાર તેમજ નવા જિનાલયના નિર્માણમાં જેમને આર્થિક સહકારની જરૂર હોય તેમને સહકાર આપવાનું નક્કી થયેલ છે. જરૂરવાળા ગામોમાં દેરાસર ઉપયોગી સ્નાત્ર સિંહાસન (ત્રિગડું), ભંડાર, ઉભા દીવા સ્ટેન્ડ સહિત નાના - મોટા દેરાસર ઉપયોગી સામાન - સામગ્રી આપવાનું પણ નક્કી કરેલ છે.

મંદિર જિર્ણોદ્ધાર અને નિર્માણમાં આર્થિક સહયોગી જરૂરીયાતવાળા અને સામગ્રીની જરૂરીયાતવાળા સંઘોને પોતાની વ્યવસ્થિત અરજી તા.૩૧-૧-૦૬ સુધીમાં નીચેના સરનામે લખી મોકલવી.

સરનામું : શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી ચોક, બ્રાહ્મણવાડા રોડ કોર્નર, ડૉ. આંબેડકર રોડ, માટુંગા, મુંબઈ - ૧૯.

**અનુસંધાન પાના નં. ૨ નું શરૂ...**

ભગવાનની કૃપાથી જ હું ધન્ય બન્યો છું. મારા ઉપર મારા ગુરૂ મહારાજનો જે અનંત ઉપકાર છે તેની તો હું કલ્પના પણ કરી શકતો નથી. હું હજી બીજા પચાસ વર્ષ જીવું તો પણ કામ પૂર્ણ થાય તેમ નથી. વધુમાં વધુ કામ પૂર્ણ કરી શકું તેવી શુભેચ્છા તમારી પાસે માંગુ છું અને તમને બધાને સાંભળ્યા ત્યારે મને ઘણું જ નવું નવું જાણવા મળ્યું છે. પૂજ્યશ્રીએ ત્યારબાદ આર્શીવચનો સંભળાવ્યા હતા. ભરતભાઈ ભીખાભાઈ કાપડીયાએ આભારવિધી કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન પંડીતશ્રી જયેશભાઈ દોશી અને દીનેશભાઈ ઝવેરીએ કર્યુ હતું.

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ કવોલીટીના**
**અનાજ**
**તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

**રોહિતભાઈ** ઘર : ૨૨૦૧૪૭૦
**સુનીલભાઈ** ઘર : ૨૨૦૦૪૨૬
**પરેશભાઈ** ઘર : ૨૫૧૬૬૩૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અપ્રમાદ એ જ ઉપાસના !

નિષ્કલંક અને પવિત્ર આત્માને મૃત્યુનો ભય સતાવતો નથી. બાકી તો મોટા મહારથીને ય મોતનો ભય મીણ જેવો મુલાયમ કરી મુકે છે.

મહાભારતના સંગ્રામમમાં પ્રથમ દસ દિવસ તો દુર્યોધન સાવ નિશ્ચિંત હતો. વીરગતિ કે પરાજયનો કોઇ ભય તેને પ્રારંભના દસ દિવસ દરમ્યાન નહોતો. કારણ કે, સ્વયં ભીષ્મ પિતામહે જ તેને વચન આપ્યું હતુ કે, 'દુર્યોધન ! યુદ્ધના આરંભના દસ દિવસો દરમ્યાન હું તારી રક્ષા કરીશ. તારો વાળ પણ વાંકો થવા દઇશ નહિ !'

પરંતુ યુદ્ધના દિવસોનો ક્રમ આગળ ચાલતો રહ્યો...

દસમો દિવસ નજીક આવી ગયો.

દુર્યોધનના ચહેરા પર ચિંતા લીપાઇ ગઇ. ભીષ્મ તે જોઇને બોલ્યા, 'વત્સ ! વ્યથિત ના થા. તારી સુરક્ષા માટે હજુ પણ એક ઉપાય છે.'

'કેવો ઉપાય, પિતામહ ?' દુર્યોધને ઉત્સુકતાથી પુછ્યું. ભીષ્મ બોલ્યા 'વત્સ, આજે રાત્રે હું વિશેષ અનુષ્ઠાન કરવા એકાંતમાં બેસીશ. આ અનુષ્ઠાનના સમય દરમ્યાન રાત્રે બાર વાગ્યે તારી પત્નીને મારી પાસે મોકલજે. હુ તેને આશીર્વચન આપીશ. એ આશીર્વચન તારું કવચ બની જશે.' ભીષ્મ પિતામહે કહ્યું.

દુર્યોધન આ સાંભળીને રાજી થયો. એ તરત ત્યાંથી વિદાય લઇને ગયો.

પરંતુ એ બંનેની વાતચીત ત્યાં છુપાઇને પાંડવોનો એક ગુપ્તચર સાંભળી રહ્યો હતો. સમગ્ર હકીકત જાણીને તરત જ એ પાંડવોની છાવણીમાં દોડયો. જઇને યુધિષ્ઠિર તથા અર્જુનને સમાચાર પાઠવ્યા કે, 'ભીષ્મજી આજે રાત્રે અનુષ્ઠાન કરવા બેસવાના છે અને તે દરમ્યાન રાત્રે બાર વાગ્યે દુર્યોધનની પત્નીને આશીર્વાદ લેવા બોલાવી છે. જો તે આશીર્વાદ મેળવી લેશે તો પછી દુર્યોધનને જીતવાનું અશકય બની જશે.'

અર્જુન તરત જ કૃષ્ણ પાસે ગયા, સમગ્ર હકીકત કહી. પછી પુછ્યું 'હે કેશવ ! હવે શું કરવું જોઇએ ?'

કૃષ્ણ બોલ્યા, 'હે પાર્થ ! પ્રત્યેક સમસ્યાનો કોઇને કોઇ એક ઉપાય તો હોય છે જ. બળથી કે કળથી, ધીરજથી કે સમજણથી, જોરથી કે હોશથી તેનો ઉપાય પામી શકાય છે.'

'તો આપણે શું કરીશું હવે ?'

'હે પ્રિય સખા ! દ્રૌપદી કયાં છે ?'

'શયનખંડમાં સૂતી છે.'

'તો એને જગાડો, પાર્થ !'

અર્જુન દ્રૌપદીને જગાડી લાવ્યો. શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું 'દ્રૌપદી ! ત્વરિત તૈયાર થઇ જા...ભીષ્મ પિતામહ અનુષ્ઠાનમાં બેસવાના છે તારે એમના આશીર્વાદ લેવાના છે.'

દ્રૌપદી તરત તૈયાર થઇ ગઇ.

હિતેચ્છુની વાત સ્વીકારવામાં પળનોય વિલંબ કરવો ના જોઇએ. કૃષ્ણ અને દ્રૌપદી અડધી રાતે ભીષ્મ પાસે જવા નીકળ્યા.

અંધારી રાત હતી. કૃષ્ણે વેશપલટો કર્યો હતો. દ્રૌપદીએ લાંબો ઘૂમટો તાણ્યો હતો. ભીષ્મની છાવણીમાં જઇને દ્રૌપદી વિનયપૂર્વક વંદન કરી રહી. નતમસ્તક થઇને બેઠી. ભીષ્મને લાગ્યુ કે દુર્યોધનની પત્ની સમયસર આવી પહોચી છે. તેમણે આશીર્વાદ આપતા કહ્યું, 'અખંડ સૌભાગ્યવતી ભવ.'

શ્રીકૃષ્ણે બહારથી ઇશારો કરીને દ્રૌપદીને તરત પાછી વળવા સુચવ્યું. દ્રૌપદી બહાર નીકળી. બંને જણા ઝડપથી પોતાની છાવણીમાં પહોચી ગયા.

આ બાજુ દુર્યોધન તેની પત્નીને ઉતાવળ કરવા કહેતો હતો, પણ પત્નીને તૈયાર થવામાં વિલંબ થયો. કયાં વસ્ત્રો પહેરું અને કયાં અલંકાર ધારણ કરું ! 'અખંડ સૌભાગ્યવતી'ના આશીર્વાદ લેવા માટે કાંઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય સજાવટથી જવાય ?

દુર્યોધનની પત્ની ખાસ્સો વિલંબ થઇ ગયો. તેને લઇને દુર્યોધન ભીષ્મ પિતામહ પાસે પહોંચ્યો. તેની પત્ની અંદર ગઇ. પિતામહ અનુષ્ઠાનની વિધિ પૂરી કરવામાં જ હતા.તેમણે પૂછયું :

'કોણ છો, પુત્રી તમે ?'

'હુ...આપે મને આશીર્વાદ લેવા બોલાવી હતી ને ?'

'પણ આશીર્વાદ તો મેં હમણાં જ ...' ભીષ્મ વાકય પુરુ કરે તે પહેલા જ તેમને હકીકત સમજાઇ ગઇ કે, નક્કી કૃષ્ણની ચતુરાઇ દ્રૌપદીને જ આશીર્વાદ અપાવી ગઇ હોવી જોઇએ. !

'શા વિચારમાં પડયા. પિતામહ ! મને બોલાવી છે તો હવે તમે આશીર્વાદ કેમ આપતા નથી ?'

ભીષ્મ બોલ્યા, 'જા હવે જા...! આશીર્વાદ તો લેનારી લઇ ગઇ. તું પ્રમાદ અને અવિવેકમાં રહી ગઇ...'

દુર્યોધનની પત્ની વીલે મોઢે બહાર નીકળી.

પળનોય પ્રમાદ જીવનને બરબાદ કરી શકે છે....અવિવેક ભારે અહિત કરી શકે છે. એ બંનેથી બચતા રહેવું એ પણ એક ઉપાસના જ છે !

**(લેખક શ્રી લક્ષ્મીચંદભાઇ છ. સંઘવીના પુસ્તક 'દ્રષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)**

## અનુસંધાન પાના નં. ૨૪નું શરૂ

છે. એમાંથી જ અનીતિએ માઝા મૂકી છે.

'મિનીમય આટલું તો જોઈએ જ !' પણ મળે ક્યાંથી ? નસીબ કોડીયા જેટલું અને ઈચ્છા આકાશ જેટલી. પછી એને આડા અવળા રસ્તા લેવા જ પડે.

જુના લોકો પણ કહેતા કે **'પછેડી જોઈ પગ પહોળા કરાય'** પણ આ તો પગ મુજબ પછેડી ખેંચવા જાય તો પછી પછેડી ફાટે જ ને !

પરમતારક ગુરૂદેવશ્રીજી કહેતા હતા કે **'જેઓ જાવક નક્કી કરીને આવક કરવા નીકળે તે લુંટારા જ પાકે.'** આટલુ જોઈએ જ' આ આવ્યું તેમાંથી તમારૂં શ્રાવકપણું ગયું, માર્ગાનુસારીપણું પણ ગયું. અમે પણ આટલું જોઈએ જ આવી મનોવૃત્તિ જો રાખીએ તો અમારૂં સાધુપણું પણ જાય.

## ફોર્મ નં. ૪ નિયમ ૮


| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રકાશન સ્થળ | : | શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)<br>ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.<br>ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮ |
| (૨) | પ્રકાશન અવધિ | : | ત્રિમાસિક |
| (૩) | મુદ્રક : પ્રકાશક : માલિક | : | શ્રી જૈન આત્માનંદ સભા - ભારતીય<br>ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧. |
| (૪) | તંત્રીનું નામ | : | જસવંતરાય ચીમનલાલ ગાંધી - ભારતીય.<br>શ્રી જૈન આત્માનંદ સભા , ખારગેઈટ,<br>ભાવનગર - ૩૬૪ ૦૦૧. |

હું જસવંતરાય ચીમનલાલ ગાંધી આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ સમજ મુજબ સાચી છે.

લી.

તા. ૧૬-૧-૨૦૦૬

જસવંતરાય ચીમનલાલ ગાંધી
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર - કૃષ્ણનગર જૈન સોસાયટીના ઉપક્રમે શ્રી ઉપધાન તપની મંગલમય આરાધના સંપન્ન

ભાવનગર સ્થિત શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીના ઉપક્રમે અને શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના આયોજન પૂર્વક દેવાધિદેવશ્રી મહાવીરસ્વામી ભગવાનની શીતલ છાયામાં પૂ.પાદ આ.ભ.શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્ર સૂરીશ્વરજી મ.સા., પૂ. પાદ આ.ભ. શ્રીમદ્ વિજયધર્મ ધ્વજ સૂરીશ્વરજી મ.સા. આદિ ગુરૂ ભગવંતોની શુભ નિશ્રામાં અને વિશાળ સાધુ - સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિમાં ૨૬૦ શ્રાવક - શ્રાવિકાઓ તથા બાલક બાલિકાઓએ ઉપધાન તપની મંગલમય આરાધના શાસન દેવશ્રીની અસીમ કૃપાથી નિર્વિઘ્ને પરિપૂર્ણ કરેલ છે. આ મંગલમય આરાધનાના સુવર્ણ અવસરે અનેકાનેક શાસન પ્રભાવક કાર્યક્રમોની શાનદાર ઉજવણી કરવામાં આવેલ.

આ ઉપધાનતપની દીર્ઘ અને મંગલમય આરાધનાનો લાભ લેનાર ભાગ્યશાળી શ્રીમતી ચંદનબેન ચુનીલાલ ખીમચંદ મહેતા (કુંભણવાળા) સપરિવારે લીધો હતો.

આ મહાન ઉપધાન તપની પૂર્ણાહૂતિ પ્રસંગે તા.૩-૧૨-૦૫ ને શનિવારના રોજ સવારના ૮-૦૦ કલાકે શ્રી કૃષ્ણનગર જૈન દેરાસર ખાતેથી એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પૂ. આચાર્યભગવંતો, સાધુ-સાધ્વીજી ભગવંતો, આરાધકો, શ્રાવક-શ્રાવિકાઓ, બાલક-બાલિકાઓ તથા જૈનેતર ભાઈ - બહેનો જોડાયા હતા. આ શોભાયાત્રામાં બે હાથીઓ ઉપર વરસીદાન આપતા શ્રાવક - શ્રાવિકાઓ, ભાવનગરની જુદી - જુદી સોસાયટીના બેન્ડ વાજાઓ, ઉંટ ગાડીઓ, બળદ ગાડાઓ, વિવિધ ભજન મંડળીઓ સાથેની વિશાળ શોભાયાત્રા ભાવનગર શહેરમાં ચારેક કલાક જૈન શાસનના જય જયકારપૂર્વક ફરી હતી. બપોરના સકલ શ્રીસંઘનું સ્વામી વાત્સલ્ય વિનીતાનગરી ખાતે રાખવામાં આવ્યું હતું. બપોરના ૩-૩૦ કલાકે શ્રી કૃષ્ણનગર જૈન દેરાસર ખાતે ઉપધાનતપના તપસ્વીઓનો બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો.

તા.૪-૧૨-૦૫ ને રવિવારના રોજ સવારના ૮-૦૧ કલાકે શ્રી વીરભદ્રસિંહજી બાલ ક્રિડાંગણ ખાતે ઉપધાનતપના આરાધકોની માળા - રોપણવિધિનો કાર્યક્રમ પૂ. આ. ભગવંતો, પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં અને શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘના ટ્રસ્ટીશ્રીઓ અને વિશાળ ભાવિકોની ઉપસ્થિતિમાં શાસન પ્રભાવનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આજે પણ સકલ શ્રીસંઘનું ચારેય ફિરકાઓ સહિતનું સ્વામી વાત્સલ્ય વિનિતાનગરી ખાતે યોજવામાં આવ્યો હતું.

આમ ભાવનગરના આંગણે ઉપધાન તપની મહામંગલકારી આરાધના શાસનદેવની કૃપાથી અને પૂ. આ. ભગવંતો તથા પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતોના શુભ આશીર્વાદ અને પ્રેરણાથી શાસન - પ્રભાવના પૂર્વક સંપન્ન થયો હતો.

આ મંગલમય આરાધનાના દરેક દિવસોએ કૃષ્ણનગર સોસાયટીના વાતાવરણને ધર્મમય - ભક્તિમય અને ભાવસભર બનાવી દીધું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન વિચારસરણી અનુસાર જીવો અને મુશ્કેલીઓમાંથી માર્ગ શોધો : ડૉ. પીટર ફલુગેલ

'જો માનવી જૈન ધર્મના સિદ્ધાંતોને જીવનમાં ઉતારે તો જીવનમાં વેઠવી પડતી અનેક મુશ્કેલીઓમાં પોતાનું તથા અન્યોનું રક્ષણ કરી શકે છે.' આ વાકય કોઈ જૈન વ્યક્તિનાં નહીં, પરંતુ યુનિવર્સિટી ઓફ લંડન સેન્ટર ફોર જૈન સ્ટડી તથા સ્કૂલ ઓફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીના ચેરમેન ડૉ. પીટર ફલુગેલના છે.

એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈ તથા ફિલોસોફી ઓફ મુંબઈ તથા ફિલોસોફી ડિપાર્ટમેન્ટના સહિયારા પ્રવાસથી બુધવારે 'જૈન અભ્યાસનો ઈતિહાસ' વિષય પર યોજાયેલી સભા દરમિયાન ડો. પીટર ફલુગેલે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. ધર્મે જૈન ન હોવા છતાં કર્મે જૈન હોવાનો તેમને ગર્વ છે. પરંતુ આજે લોકો જૈનત્વથી દૂર થઈ રહ્યાં છે એવું તેમણે જણાવ્યું હતું.

એક અજૈન અને પાછા વિદેશી જૈન ધર્મ પ્રત્યે કેવી રીતે આકર્ષાયા હશે, એનો સવાલ મનમાં ઉદ્દભવે તે સ્વાભાવિક છે.

ડૉ.પીટર રહસ્ય સ્ફોટ કરતાં જણાવે છે કે 'હું કોઈ મોટો ચિંતક નથી, પરંતુ 'ફીલોસોફી' વિષય ભણતાં જીવનને સૌથી સરળ પદ્ધતિથી કઈ રીતે જીવી શકાય, તે માટે ભણતાં - ચિંતન કરતાં જૈન ધર્મનો પરિચય થયો અને તેના શુદ્ધ મૂલ્યો તથા સિદ્ધાંતોએ મને આકર્ષ્યો.

છેલ્લા વીસ વર્ષથી જૈન ધર્મના પરિચયમાં હોવાથી હું એટલું ચોક્કસ પણે કહી શકીશ કે જૈન ધર્મના ભૂતકાળને ચર્ચવા કરતાં વર્તમાન પર લક્ષ્ય કેન્દ્રિત કરીને તેના મૂલ્યોને ગ્રહણ કરવા વધારે હિતકારી રહેશે.'

એક વિદેશી વ્યક્તિ તરીકે તેમણે જૈન ધર્મના અભ્યાસ તથા પ્રચાર પ્રસાર માટે વિશેષ ફાળો નોંધાવ્યો છે.

વિદેશમાં લોકોને જૈનત્વની જાણ થાય તે માટે તેમના તંત્રીપદેથી 'જૈન સ્ટડી સિરીઝ' પણ પ્રકાશિત થાય છે. વિદેશમાં જૈનત્વને જાગ્રત રાખવા ઝઝૂમી રહેલા જૈન ધર્મના હિમાયતીએ સાક્ષરતાની આંકડાકીય માહિતીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે 'ભારતના વિકાસમાં પણ જૈનોનો સિંહફાળો રહેલો છે. આજે ભારતમાં સૌથી વધુ કોઈ શિક્ષીત જાતિ - જ્ઞાતિ હોય તો તે 'જૈન' છે. (મુંબઈ સમાચાર - તા.૪-૧૨-૦૫)

પૂર્વ ડૉ. પીટર ફલુગેલ આપણી સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગરની શુભેચ્છા મુલાકાતે પધારેલ. આપણી સંસ્થાના ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ગ્રંથો તથા છાપેલ પ્રતોનું નિરીક્ષણ કરતાં આપણા આ અમુલ્ય વારસાનો અભ્યાસ કરવા તેમણે એક અઠવાડિયું ભાવનગર ખાતે રોકાણ કરી અને આ ગ્રંથોનો અભ્યાસ તેમજ લેખન કાર્ય કરેલ. સભા દ્વારા પ્રકાશિત થતાં શ્રી જૈન આત્માનંદ પ્રકાશની વાર્ષિક ફાઈલોનું નિરીક્ષણ કરતાં તેમને આ વાર્ષિક ફાઈલો ઉપયોગી જણાતાં દરેક ફાઈલોની એક - એક ફાઈલો ઝેરોક્ષ - બાઈડીંગ કરાવી યુનિવર્સિટી ઓફ લંડન સેન્ટર ફોર જૈન સ્ટડી તથા સ્કૂલ ઓફ આફ્રિકન સ્ટડી સેન્ટરના લાઈબ્રેરી વિભાગ માટે પ્રમુખશ્રીની મંજુરી મેળવી લઈ ગયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ટી.વી.ની અસર

- દેવશી પટેલ

ટી.વી. નો સમાજ ઘડતરમાં ફાળો કેટલો ? મનોરંજનના સાધન તરીકે ઉપયોગ ન કરી શકાય ? શા માટે ? અથવા ટી.વી. જોવાથી મન હળવું બને છે, આ વિધાનમાં તથ્ય કેટલું ? બાળકોના ઘડતર કે વિદ્યાભ્યાસમાં ઉપયોગિતા કેટલી ? આપણે ટી.વી. જોઈને સદ્‌ગુણી કેટલા થયા ? વગેરે પ્રશ્નોના ઉત્તર રૂપે અમેરિકાના ઘરમાં ત્રાણુ મિલિયન (૯૩૦ લાખ) ટી.વી. છે. એટલે દર ત્રણ માણસે એક ટી.વી. ભારતમાં પણ દર મિનિટે ચાર ઘરમાં ટી.વી.નું ભૂત પેસે છે. આ ભૂતની અસરના કેટલાક સંકલિત તારણો અહીં રજૂ કર્યા છે.

નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ નામની અમેરિકન સંસ્થાએ ૧૦ વર્ષના અભ્યાસ દરમ્યાન અમેરિકાના વિવિધ ભાગોમાંથી ૧,૦૦,૦૦૦ બાળકોને તપાસીને તારણ કાઢ્યું કે, અમેરિકન બાળક ૧૬ વર્ષની ઉંમરે પહોંચતા ૧,૫૦,૦૦૦ જેટલાં હિંસાત્મક દ્રશ્યો જૂએ છે. અને ૨૫,૦૦૦ જેટલાં મૃત્યુ જુએ છે.

યુ.એસ.એ. અને યુ.કે.ના એક સર્વેક્ષણ પરથી જણાય છે કે ૧૭ ટકા વિદ્યાર્થીઓ જ અભ્યાસ માટે યત્ન કરે છે જ્યારે ૮૩ ટકા વિદ્યાર્થીઓ ટી.વી. પાછળ જ અભ્યાસ કરવાની ઉંમર ગુમાવી બેસે છે. જેના કારણે સમાજમાં અભણ વર્ગનું પ્રમાણ વધશે.

અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. જહોન ઓટ્રેએ પુરવાર કર્યું છે કે ટી.વી.ના રેડિએશનથી વટાણાના છોડ પર વિઘાતક અસર થઈ. ટી.વી. રેડિએશનથી બાળકના શરીર પર પણ ખરાબ અસર થાય છે. જીવનમાં ખાવામાં, સૂવામાં અનિયમિતતા આવી જતાં, શારીરિક શ્રમથી દૂર રહેવાથી પાચનતંત્રના રોગો થાય છે જે બીજા અનેક રોગોને જન્મ આપે છે. આંખો પર વધુ પડતા બોજાથી આંખો નબળી પડે છે. રતાંધળાપણું અને અનિદ્રા પણ આની આડ અસરો છે.

ટી.વી. ગમે કે મમ્મી ગમે ? આ વિષય ઉપર અમેરિકામાં થયેલાં એક સર્વેક્ષણમાં ૫૯ ટકા બાળકોએ ટી.વી. ગમે એવો ઉત્તર આપ્યો હતો.

પીટસ્‌બર્ગ(યુ.એસ.એ.)માં ટોમી નામના માત્ર પાંચ વર્ષના બાળકે ટી.વી.માંથી પ્રેરણા મેળવીને તેના પિતાને 'હેન્ડઝઅપ' કરાવીને રિવોલ્વરથી સોફા પર ઢાળી દીધા.

જર્મનીનાં સર્વેક્ષણ કરતાં માલૂમ પડ્યું કે ટી.વી. જોતી વખતે ઘરના સભ્યો એકબીજા સાથે વાતચીત કરતાં નથી. એટલે કે કુટુંબમાં વાર્તલાપને અવકાશ જ રહેતો નથી. જેને કારણે કુટુંબપ્રેમ જેવું વાતાવરણ રહેતું નથી. બધા ધર્મશાળામાં રહેતા હોય તેમ લાગે. કુટુંબપ્રથા કે પ્રેમને ટી.વી. એ ટાળી છે.

મલેશિયાની નામની સંસ્થાએ સર્વેક્ષણમાં જણાવ્યું છે કે ટી.વી. પરના ૮।। (સાડા આઠ) કલાકના કાર્યક્રમોમાં ૭૩૬ જેટલાં હિંસાત્મક દ્રશ્યો જ હતા.

હિંસા, ખૂન, વ્યભિચાર, બળાત્કાર, લૂંટ, ભાંગફોડ, મારામારી, પજવણી વગેરે દ્રશ્યો જોતાં માણસના મનને આઘાત લાગે છે. પરિણામે ભય, ચિંતા ને ઉત્તેજના એના પર સવાર થઇ જાય છે. અંતે માનવી હતાશા, બેચેની ગભરામણ વગેરે માનસિક રોગોનો દર્દી બને છે. આ બધામાંથી બચવા માટે માણસ ટી.વી.ની માહિતીઓમાંથી જ પ્રેરણા લઈ ડ્રગ્સ, દારૂ વગેરેનાં વ્યસનોમાં ફસાય છે.

બાળક વર્ષના ૧૨૦૦ કલાક ટી.વી. પાસે પસાર કરે છે. જ્યારે અભ્યાસ માટે ફક્ત ૯૦૦ કલાક જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાળવે છે, જે ટી.વી.ના કારણે શિક્ષણ પ્રત્યેની અરુચિ દર્શાવે છે.

બ્રિટનના એક સર્વેક્ષણ મુજબ ટી.વી.થી શાળાકીય વિદ્યાર્થીઓમાં લખવાની આવડત તથા ઝડપ નોંધપાત્ર રીતે ઘટી છે.

મોસ્કોના એક શૈક્ષણિક સેમિનારમાં સોવિયેત સેન્ટ્રેલ ટેલીવીઝનના કાર્યક્રમોના મુખ્ય ઓડિટર શ્રી વિલેન ઇગોરોને જણાવ્યું છે કે શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચે સીધો સ્નેહસંબંધનો વાર્તાલાપ જ શૈક્ષણિક હેતુ માટે શ્રેષ્ઠ છે. ટી.વી. તેનું સ્થાન ન લઈ શકે.

ટી.વી. પરથી દિલ્હીમાં માત્ર ૧૨ વર્ષનો બાળક તેના મિત્રો સાથે એક બેંક લૂંટવાનું કાવતરું કરે છે તે ટી.વી.નું કેવું ભયંકર પરિણામ આવી શકે છે તે બતાવે છે.

આપણા પરિવારને દુ:ખી કરવામાં ટી.વી.નો ફાળો એક યા બીજી રીતે છે. આપણા પરિવારમાં ટી.વી.ના પ્રવેશ પછી નીચેનામાંથી કોઈ એકે પ્રવેશ કર્યો છે.

બાળક અભ્યાસમાં નબળા પડ્યાં.

તમે આળસુ કે બેદરકાર બન્યા.

કુટુંબની એકતા કે મર્યાદા તૂટી.

પરિવારમાં કુસુંપ કે કલેશ થયો, અશ્લિલ માર્ગે વળવાનું મન થયું.

ટી.વી. ઝેર છે. ઝેર પીવું છે ? તો પછી નક્કી કરો કે ટી.વી.ની જરૂર કેટલી ? સંસ્કારની ઉતરતી જતી કેડીએ અંતે વિનાશ જ છે.

રજૂકર્તા : મોદીભાઇ

With Best Wishes

Kinjal Electronics

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari - 396445
Tele : (02637) 241321 Fax : (02637) 252 931



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂરાં પુણ્ય કર્યાં હોય તો જ આવી બા મળે !

બાએ મને રિવાજ મુજબ સાંજનો ઘીનો દીવો કરવા કહ્યું. હું દીવો પેટાવતો હતો તે વખતે મેં બાના મુખમાંથી નીચે પ્રમાણેના ઉદ્દગારો નીકળતા સાંભળ્યા :

"જો, વેણી, શરીર છે તો કોઇક દિવસે તાવ પણ આવે. આપણે બૈરાંઓને વળી દેહનાં લાલનપાલન કેવાં ? હું તો તાવ આવ્યો હોય તો પણ મેલા કપડાંનો ગાંસડો નદીએ જઇને ધોઇ લાવું, તાવ પણ સમજે કે કઠેકાણે ગયો હતો માથામાં ચસકા આવતા હોય તોય દસ-પંદર માણસોની રસોઇ કરીને જમાડી દઉં. પસીનો જરા વળશે એટલે તાવ ઉતરી જશે. તારે માઠું ન લગાડવું. હવે તું તારે ઘેર જા."

"પણ મારી ખાતર તમારે આટલી વેઠ કરવી પડી ને ?" વેણીનું અંતર, બાનો તાવ જોઇને વલોવાતું હોય એમ હું જોઇ શક્યો.

'તારી ખાતર એટલે શું ? તું કોઇ પરાઇ છો ? જેવો મારો દીકરો તેવી જ તું મારી દીકરી ! તારે સાસરે લઇ જવા જેવી ચીજો જો બરાબર ન થઇ હોય તો ત્યાં તારે કેટલા મેણાં ટોણાં સંભળવા પડે ? તારી આંખમાંથી એ લોકો બોર બોર જેવડાં આંસુ કઢાવે ! પાર્વતી બહેનની દીકરી માટે હું આટલું પણ જો સહન કરી શકું નહી તો અમારા બહેનપણાં શા ખપના ?" મારી બા, મારા એકલાની બા નથી, પણ જગત્ જનની છે - જગતની માતા છે એમ મને તે દિવસે દેખાયું. મારા જેવા એના અસંખ્ય સંતાનો છે, છતાં બા મારામાં જ બંધાઇ ગઇ છે તે મારૂ સૌભાગ્ય નહિ તો બીજુ શું કહેવાય ? બહુ આગ્રહ કરવાથી વેણીબહેન પોતાને ઘેર ગયા. પણ જતાં જતાં મારા કાનમાં કહેતા ગયા, "ભાઇ, તારા ભાગ્યની ઇર્ષા આવે છે ! તારી બા જેવી બા, પૂર્વે મહાપુણ્ય કર્યા હોય તેને જ મળે ! પરાયાની ખાતર પણ એ કેટલો ત્રાસ સહન કરે છે !"

વેણીબહેનના એ શબ્દોએ મારી આંખમાંથી હર્ષાશ્રુ વહાવ્યાં. મારી બાની પ્રશંસા સાંભળી મારૂં રૂંવેરૂંવું નાચી ઉઠ્યું. આજે એ બા નથી, વેણીબહેન પણ નથી, એમનો અમર પ્રેમ સાંભરે છે ત્યારે આ અંધારા સંસારમાં આઘે આઘે નાનો દીપક જલતો દેખાય છે.

('હું ને મારી બા' પુસ્તકમાંથી સાભાર)

## મા

મા એટલે મૂંગા આશીર્વાદ
મા એટલે વહાલ તણો વરસાદ
મા એટલે કોઠાડાહી સમજણ
મા એટલે મીઠું મીઠું વળગણ
મા એટલે અમૃત ઘોળ્યો દરિયો
મા એટલે દેવ ફરી અવતરિયો
મા એટલે પ્રાગડ ફૂટયો ટહુકો
મા એટલે વંશસૂત્રનો મણકો
મા એટલે વણમાંગ્યો આધાર
મા એટલે અમૃત અનરાધાર
મા એટલે જનત કરનારૂં જીવતર
મા એટલે વગર મૂડીનું વળતર
મા એટલે અમી ભરેલો કુપો
મા એટલે આશીર્વાદ છે છુપો
મા એટલે સુખ ભર્યો સંગાથ
મા એટલે મમતા ભીની બાથ
મા એટલે રણમાં મળતું પાણી
મા એટલે અનુભવેલી વાણી
મા એટલે વહાલ ભરેલો વીરડો
મા એટલે મંદિર કેરો દિવડો

- દેવેન્દ્ર ભટ્ટ

('હું ને મારી બા' પુસ્તકમાંથી સાભાર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**ઉપધાન તપ આરાધના :** પુ.આ.શ્રી વિશાલસેન સૂરિજી મ.સા. તથા પૂ.આ. શ્રી રાજશેખર સૂરિજી મ.સા. આદિ ગુરુ ભગવંતોની નિશ્રામાં વરસોવા (જિ.થાણા) મુકામે શ્રી પીયુષપાણિ પ્રાર્શ્વનાથ તીર્થધામ ખાતે ઉપધાન તપની ભવ્ય આરાધનાનું પ્રથમ મુહૂર્ત તા.૧૪-૧૨-૦૫ તથા દ્વિતીય મુર્હુત તા.૧૬-૧૨-૦૫ રાખવામાં આવેલ. આ આરાધના કરવા અવશ્ય પધારવા શ્રી સંઘ તરફથી ભાવભર્યુ આમંત્રણ સકલ શ્રીસંઘને પાઠવવામાં આવેલ.

આ મહા મંગલકારી શ્રી ઉપધાન તપની આરાધના કરાવવાનો મહા-મૂલો લાભ ઉદારદિલ પંદર મહાનુભાવોએ લીધેલ.

**ગોડીજી - મુંબઇમાં સમસ્ત જૈનો એક મંચ ઉપર :** મહારાષ્ટ્ર અને કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા અને કેટલાક પ્રાસ્તાવિક કાયદા સામે પોતાની આગવી અહિંસક શૈલીમાં ગાંધીચીંધ્યા માર્ગે લડત શરૂ કરવાનો મક્કમ નિર્ધાર ગોડીજી દેરાસરમાં તા.૨૭ નવેમ્બરના રોજ યોજાયેલા સમસ્ત જૈનોના અધિવેશમાં કરવામાં આવેલ.

ધાર્મિક ટ્રસ્ટોમાં સરકારી હસ્તક્ષેપ સામે મક્કમ લડત આપવા જૈનોના નિર્ધાર પ્રસંગે મુંબઇ સ્થિત બિરાજમાન પૂ. આચાર્ય ભગવતો, મુનિભગવંતોની નિશ્રામાં યોજાયેલી આ સભામાં જૈનોના શ્વેતાંબર, દિગંબર સ્થાનકવાસી અને તેરાપંથ આદિ સર્વે ફિરકાઓના મુખ્ય પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

**નંદલાલભાઇ દેવલુક સંપાદિત ગ્રંથનું વિમોચન :** ગુજરાતના નભો મંડળને અજવાળતી વિવિધશ્રેત્રની પથદર્શી પ્રતિભાઓનો વિશિષ્ટ પરિચય કરાવતો ૮૧૨ પાનાના ''પથ પ્રદર્શક પ્રતિભાઓ'' નામના ગ્રંથનો વિમોચન સમારોહ યોજવામાં આવેલ.

ગુજરાતનું ગૌરવ વધારવામાં ભારોભાર નિમિત્ત બનેલા પત્રકારો, કરાર, લેખકો, ચિંતકો, સારસ્વતો, ભજનકો, સંગીતજ્ઞો, પ્રણામી મનિષીઓ, જ્યોર્તિધરો, સંતો, ખગોળ શાસ્ત્રીઓ, સમાજ શાસ્ત્રીઓ એમ વિવિધક્ષેત્રના અનેક મહાનુંભાવોનો સુપેરે પરિચય કરવવામાં ગ્રંથ સંપાદકશ્રીનો આ એક સ્તુત્ય પ્રયત્ન છે.

**પુસ્તક પરિચય :** 'જોગીનો કોલ/વાણી તથા ધાર્મિક કથાઓ' સંકલનઃ નગીનદાસ જે. કપાસી વડોદરા કિંમત રૂા.૨૫/- જાણીતા લેખક સ્વ.શ્રી જગજીવનદાસ માવજીભાઇ કપાસી-ચુડીવાળાના સુપુત્રશ્રી નગીનદાસ જે. કપાસી દ્વારા સંકલિત આ પુસ્તકમાં શાસન રક્ષક દેવશ્રી માણિભદ્ર દાદાના ચમત્કારોનું જાત અનુભવનું વર્ણનનું સંકલન કરવામાં આવેલ છે. આ પુસ્તક નીચેના સરનામે સંપર્ક કરવાથી મળી શકશે. (૧) મિતાબેન, 'સ્વસ્તીક' ૩૬ બી/૨, શ્યામલ ફ્લેટની પાછળ અનંતવાડી, ભાવનગર તથા શાહ ટાયર્સ, સલાટવાડા, વડોદરા.

**બોટાદ નગરે દીક્ષા મહોત્સવ :** પૂ.આ.શ્રી વિજયનયપ્રભસૂરિજી મ.સા., પ્રવચનકાર મુનિશ્રી જયપ્રભવિજયજી મ.સા. આદિ ગુરૂભગવંતોની શુભનિશ્રામાં તા.૧૬ થી ૨૫ જાન્યુ. દરમ્યાન દશાન્હિકા મહોત્સવની ઉજવણી શાસનપ્રભાવના પૂર્વક કરવામાં આવી. આ પ્રસંગે પૂજ્યશ્રીઓની નિશ્રામાં દિપેશભાઈએ જીવનની દિશામાં ઉન્નતિ અને મોક્ષની દિશામાં પ્રગતિ પ્રદાન કરે એવો દીક્ષાધર્મનો અંગિકાર સ્વીકારી જૈન શાસનનો જય જયકાર કરાવેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શું જીવન નિયમબદ્ધ બનાવવું અનિવાર્ય છે ?

: પં.શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.

વારે વારે પ્રશ્ન આવે છે, અમે સદાચારનું પાલન કરીશું, દૂરાચારથી અટકીશું પણ એ માટે પ્રતિજ્ઞા લેવાની શી જરૂર છે ? જેમનું મન મક્કમ હોય એમને પ્રતિજ્ઞા કરવાથી શું અધિક મળે છે ? આનો જવાબ છે, દુનિયાના અનેકાનેક વ્યવહારમાં એક યા બીજી રીતે પ્રતિજ્ઞા કરાતી જ હોય છે, કરવી જ પડે છે. જુઓ રાષ્ટ્રપતિ - વડાપ્રધાન કે સુપ્રિમ કોર્ટના જજ જેવાએ પણ પોતાનો હોદ્દો સંભાળતા પૂર્વે વફાદારીના સોગન લેવા પડતા હોય છે; લાઈફ ઈન્સ્યુરન્સ આદિના પ્રિમીયમ ભરનારે પણ એની પોલીસીમાં સહી કરવા દ્વારા એગ્રીમેન્ટ કરવા પડે છે, બેન્કની ફીક્સ્ડ ડિપોઝીટ રસીદ પણ એક જાતનું એગ્રીમેન્ટ જ છે.

ટેલીફોન કનેકશન, પાણીના કનેકશન, લાઈટના કનેકશન કરાવ્યા પછી એનો ઉપયોગ ન કરવા છતાં પણ એના લઘુત્તમ (મિનીમમ) ભાડા વગેરેના પૈસા ભરવા જ પડે છે. લગ્નની અગ્નિની સાક્ષીની વિધી કે કોર્ટમાં નોંધણી કરાવ્યા બાદ જ લગ્ન કાયદેસર બને છે.

ઈતર ધર્મવાળા કહે છે, પાપને જે કરે તેને પાપ લાગે, જ્યારે જૈન ધર્મ આગળ વધીને કહે છે કે પાપની જે પ્રતિજ્ઞાપૂર્વક વિરતિ (વિરમણ-અટકાયત) કરતાં નથી એને પણ અવિરતિ જન્ય પાપ તો લાગે જ છે. માટે જ પચ્ચક્ખાણ - સામાયિક દંડક ઉચ્ચરવાનું, પ્રતિક્રમણ ઠાવવાનું, કાઉસ્સગ્ગ વગેરે દ્વારા અભિગ્રહો - પચ્ચક્ખાણ, વિરતિ ગ્રહણ કરાય છે. શ્રાવકના બારવ્રત - સાધુના પાંચ મહાવ્રત સ્વીકારની પ્રતિજ્ઞા ચતુર્વિધ ભગવાન સમક્ષ કરાય છે. કરાવાય છે.

અરે ! દુનિયા સૌથી વધુ નિર્ધારિત મનવાળા અરિહંત ભગવંતો પણ આ અભિગ્રહ - પ્રતિજ્ઞાને પોતાના જીવનમાં સ્થાન આપે છે. જુઓ....

- ભગવાનશ્રી મહાવીર દેવનો માતાના ગર્ભમાં જ સર્વ પ્રથમ અભિગ્રહ જ્યાં સુધી મારા માતા પિતા જીવતા હશે ત્યાં સુધી હું ઘરબારી મટી અણગાર - સાધુ નહીં બનું.

- ત્રીશ ૩૦ વર્ષની ઉંમરે ભગવાને સર્વ સાવદ્ય યોગના ત્યાગ સ્વરૂપ યાવજજીવ માટે સામાયિકની પ્રતિજ્ઞા કરી. યાદ રહે એકે એક અરિહંત દેવ આ રીતની પ્રતિજ્ઞા ઉચ્ચરે છે જ અને એ પછી જ અવધિજ્ઞાની એવા તેઓને ચોથું ૪થું મન : પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે આવી પ્રતિજ્ઞા વગર આ જ્ઞાન થાય નહીં જ.

- પ્રથમ ચાતુર્માસમાં જ પ્રભુજી વીર સ્વામી નીચે મુજબના પાંચ અભિગ્રહો કરે છે, (૧) અપ્રીતિવાળાના ઘરમાં રહેવું નહીં, (૨) હંમેશા પ્રતિમા પૂર્વક રહેવું. (૩) ગૃહસ્થનો વિનય ન કરવો. (૪) વાણીનું મૌન ધારણ કરવું અને (૫) ભોજન હાથમાં કરવું.

સાડા બાર વરસ પ્રભુ પ્રાયઃ પ્રતિમામાં રહ્યાં છે. આ પ્રતિમા એ એક પ્રકારની પ્રતિજ્ઞા વિશેષ જ છે.

ચંદનબાળાનો ઘોર અભિગ્રહ પ્રભુજીએ કર્યો. જે પાંચ માસ અને પચ્ચીશ દિવસે પૂર્ણ થયો.

ભગવાન જેવા પરમોચ્ચ સત્વધારી, ધૈર્યવાન પુરૂષ પણ ખુંખાર વૈરી રાગ - દ્વેષ મોહને જીતવા જો પ્રતિજ્ઞા - અભિગ્રહનો આશરો લેતા હોય તો આપણા જેવા અલ્પ સત્ત્વવાને તો એની કેટલી સહાય લેવી જરૂરી બને ? ના ? વિવેકવંત કદાપિ પ્રતિજ્ઞા અભિગ્રહનું મહત્ત્વ ઓછું ન આંકે.



For Private And Personal Use Only

# જન્મ-મૃત્યુનું મૂળભૂત કારણ : રાગ-દ્વેષ

એક વખત ભગવાન મહાવીરને ગૌતમસ્વામીને પૂછ્યું ભગવન્ ! પ્રાણીને મરવું શા માટે પડે છે ? પ્રભુએ કહ્યું : "હે ગૌતમસ્વામી ! કેમ કે તેણે જન્મ ધારણ કર્યો છે."

"હે ભગવન્ ! પ્રાણી જન્મ ધારણ કેમ કરે છે ? પ્રભુએ કહ્યું : હે ગૌત્તમ ! કર્મના કારણે આત્માને જન્મ ધારણ કરવો પડે છે. હે ભગવન્ ! આત્માને કર્મ બંધન કેમ છે ? "હે ગૌતમ ! રાગ-દ્વેષની પરિણતિના કારણે જ આત્મા, કર્મનું બંધન કરે છે"

પ્રસ્તુત વાર્તાલાપથી સ્પષ્ટ છે કે રાગ-દ્વેષથી (ક્રોધ, માન, માયા, લોભ) કર્મ બંધન થાય છે. રાગ-દ્વેષનો ભાવાર્થ છે : અનુકૂળને મિત્ર બનાવવો તે રાગ છે. અર્થાત્ અનુકૂળતા મળવાથી પ્રસન્ન થવું એ રાગ છે તથા પ્રતિકુળને શત્રુ માનવો તે દ્વેષ છે અર્થાત્ પ્રતિકૂળતા મળવાથી નારજ થવું તે દ્વેષ છે.

કર્મબંધનના કારણે આત્મા દેહ ધારણ કરે છે અને દેહ ધારણ કરવાવાળાનું મૃત્યુ નિશ્ચીત છે. અર્થાત્ જન્મ - મૃત્યુનું મૂળભૂત કારણ રાગ-દ્વેષ જ છે. જે આત્મા રાગ-દ્વેષથી મુકત બની ગયો તે આત્મા કર્મબંધનથી મુકત થઈ ગયો. કર્મબંધનથી મુકત આત્માને જન્મ ધારણ કરવો પડતો નથી. ભગવાન મહાવીરે મૃત્યુને નહી, જન્મને ભયંકર કહ્યો છે.

એટલે આ મનુષ્ય જીવનમાં સારા પ્રત્યન અને પુરૂષાર્થ અજન્મા બનવાની સાધનાને માટે હોવો જોઈએ અને આ સાધના માટે આપણે રાગ-દ્વેષની પરિણતિને મંદ કરવી પડશે, ક્ષીણ કરવી પડશે. અનુકૂળતા અને સુખમાં રાગ નહી તથા પ્રતિકુળતા અને દુ:ખમાં દ્વેષ ન કરો. જેમ જેમ જીવન વ્યવહારમાં રાગ-દ્વેષની તીવ્રતા ઓછી થતી જશે, તેમ તેમ આપણને આત્મિક આનંદની અનુભૂતિ થતી જશે અને આ આનંદની પ્રાપ્તિ પછી મૃત્યુનો કોઈ ભય આપણને નહી રહે, પરંતુ મૃત્યુનું આપણે સ્વાગત કરી શકીશું. આ મૃત્યુ આપણા માટે અમંગળની નિશાની નહિ પરંતુ મહોત્સવનું કારણ બની રહેશે.

જેમનું જીવન સમતા - સાધના અને સમાધિમય હોય તે જ આત્માઓ મૃત્યુના અંતિમ પળોમાં સમાધિ મરણ પ્રાપ્ત કરી પોતાનું "મૃત્યુ મહોત્સવમાં બદલી શકે છે. અરે ! મહોત્સવમય જીવન તો અનેકોનું હોય છે, પરંતુ મૃત્યુને મહોત્સવ બનાવનારા તો આવા કોઈ સહજયોગી હોય છે. તે પોતાના મૃત્યુ દ્વારા પણ મૃત્યુનો જ અંત લાવે છે. એમના માટે મૃત્યુ કદી અમંગલરૂપ હોતું નથી.

(આગમોદ્ધારક હિન્દી માસીકમાંથી સાભાર)

શુભેચ્છા સાથે....

**ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં. ૭૧, શિહોર- ૩૬૪ ૨૪૦.
ફોન : ઓફિસ :- ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૮, ૨૨૨૨૪૪,
૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭
ફેક્સ નં.: ૦૦૯૧ - ૨૮૪૬ - ૨૨૬૭૭
ટેલીગ્રામ - મહાસુગંધી, શિહોર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૫ના રોજનું પાકું સરવૈયું

| ફંડ તથા દેવું | | ખા. પા. | મિલ્કત તથા લેણું | | ખા. પા. |
|---|---|---|---|---|---|
| ૨,૩૦,૯૬૧.૦૦ | પેટ્રન મેમ્બર ફી ફંડ | ૦૧ | ૩,૪૦,૦૦૦.૦૦ | પોસ્ટ ઓફિસ ટાઇમ ડીપોઝીટ | ૧૩ |
| ૧,૬૪,૧૪૦.૦૦ | શ્રી આજીવન સભ્ય ફી ફંડ | ૦૨ | ૩૭,૮૮૩.૦૦ | શ્રી જૈન આત્માનંદ ભુવન | ૧૫ |
| ૨,૩૪,૬૪૨.૦૦ | શ્રી કેળવણી અનામત ફંડ | ૦૪ | ૧૮,૮૩૧.૦૦ | શ્રી આત્મ ક્રાંતિ મકાન | ૧૫ |
| ૩,૯૯૯.૦૦ | શ્રી સાધર્મિક કા.અ. ફંડ | ૦૪ | ૫૪,૬૦૧.૦૦ | શ્રી પુણ્ય ભુવન મકાન | ૧૫ |
| ૬,૦૬૩.૦૦ | શ્રી સ્કોલર શીપ કા.અ. ફંડ | ૦૫ | ૨,૩૨,૨૫૦.૦૦ | શ્રી યુનિટ ટ્રસ્ટ CRTS | ૧૭ |
| ૧,૬૫,૫૫૯.૦૦ | શ્રી જયંતી પૂજા કા.અ. ફંડ | ૦૫ | ૧,૨૫,૭૪૮.૦૦ | શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) | ૧૯ |
| ૩૨૦.૦૦ | શ્રી સિદ્ધાચલ દેરી કા.અ. ફંડ | ૦૬ | ૧૪૦.૦૦ | શ્રી ઇલેક્ટ્રીક ડીપોઝીટ | ૨૦ |
| ૪,૨૩૫.૦૦ | શ્રી ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૦૭ | ૪,૬૭૯.૦૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિયા સેવીંગ | ૨૬ |
| ૩૩,૩૯૦.૦૦ | શ્રી મકાન ઘસારા ફંડ | ૦૭ | ૫,૭૦૪.૦૦ | શ્રી ભા. નાગરિક બેન્ક સેવીંગ | ૨૭ |
| ૧,૨૮,૧૧૫.૦૦ | શ્રી પુસ્તક પ્રકાશન ફંડ | ૦૭ | ૪૯૫.૦૦ | શ્રી ભા. મર્કન્ટાઇલ બેન્ક સેવીંગ | ૨૯ |
| ૧૩,૦૦૦.૦૦ | શ્રી શતાબ્દિ મહોત્સવ ફંડ | ૦૮ | ૨૯,૨૫૮.૦૦ | શ્રી યુનિયન બેન્ક સેવીંગ | ૩૦ |
| ૧,૫૫૩.૦૦ | શ્રી મકાન ડીપોઝીટ | ૦૯ | ૧,૨૫,૦૦૦.૦૦ | શ્રી ભા. નાગરિક FDR | ૩૨ |
| ૮,૨૬૬.૦૦ | શ્રી કેળવણી સહા. ચાલુ ફંડ | ૧૦ | ૫૦,૦૦૦.૦૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિયા FDR | ૩૨ |
| ૨,૫૩,૦૦૦.૦૦ | શ્રી જ્ઞાનભંડાર કા.અ.કોર્પસ ફંડ | ૧૧ | ૩,૮૦,૦૦૦.૦૦ | શ્રી યુનિયન બેન્ક FDR | ૩૩ |
| ૧,૫૧,૦૦૦.૦૦ | શ્રી જ્ઞાન જાળવણી ખાતું | ૭૭ | ૧૩,૩૮૪.૦૦ | શ્રી ડેડ સ્ટોક ફર્નીચર | ૩૯ |
| ૩,૩૯૨.૦૦ | શ્રી ઝેરોક્ષ આવક-જાવક ફંડ | ૭૩ | ૨,૦૦૦.૦૦ | શ્રી ટેલીફોન ડીપોઝીટ | ૬૬ |
| ૨૪,૮૧૩.૦૦ | શ્રી નફા નુકસાન ખાતું | ૪૭ | ૪,૯૧૮.૦૦ | શ્રી ઇન્કમટેક્ષ વ્યાજ કપાત TDS | ૯૧ |
| | | | ૪.૦૦ | સરવૈયા ફેર. | |
| ૧૪,૨૬,૪૪૮.૦૦ | | | ૧૪,૨૬,૪૪૮.૦૦ | | |

નોંધ : અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ તા. ૧૬-૮-૦૫ ભાવનગર.

જસવંતરાય સી. ગાંધી
પ્રમુખ

દિવ્યકાંત એમ. સલોત
ભાસ્કરરાય વી. વકીલ.
ઉપપ્રમુખ

મનહરલાલ કે. મહેતા
મનીષ આર. મહેતા
મનહરલાલ વી. ભંભા
માનદ્ મંત્રીઓ

હસમુખલાલ જે. શાહ
ખજાનચી

આર. એ. શેઠ એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૫ સુધીનું આવક-જાવક ખાતું

| આવક | | ખા. પા. | ખર્ચ | | ખા. પા. |
|---|---|---|---|---|---|
| ૭,૬૯૨.૦૦ | શ્રી મકાન ભાડા આવક | ૧૬ | ૨,૫૦૧.૦૦ | શ્રી ઇલે. લાઇટ બીલ ખર્ચ | ૪૦ |
| ૬૯,૮૩૭.૦૦ | શ્રી વ્યાજ આવક | ૩૫ | ૧,૯૭૬.૦૦ | શ્રી વિમા ખર્ચ ખાતે | ૪૦ |
| ૭,૫૦૦.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ જા.ખ | ૫૭ | ૧,૧૦૦.૦૦ | શ્રી ઓડિટ ફી ખર્ચ ખાતે | ૪૧ |
| | | | ૫૦૦.૦૦ | શ્રી કાનૂની ખર્ચ ખાતે | ૪૧ |
| ૧,૦૨૫.૦૦ | શ્રી પસ્તી વેચાણ આવક | ૫૮ | ૨,૯૮૭.૦૦ | શ્રી લાઇબ્રેરી ખર્ચ ખાતે | ૪૨ |
| ૨૯૦.૦૦ | શ્રી જ્ઞાન આવક ખાતે | ૫૯ | ૯૦૧.૦૦ | શ્રી બેન્ક કમીશન ખર્ચ | ૪૩ |
| ૩,૬૦૩.૦૦ | શ્રી પરચુરણ ભેટ આવક | ૬૦ | ૪૭૫.૦૦ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૪૪ |
| ૧૭,૯૦૯.૦૦ | શ્રી પુસ્તક વેચાણ આવક | ૬૧ | ૧,૦૯૮.૦૦ | શ્રી સ્ટેશનરી/પ્રિન્ટીંગ ખર્ચ | ૪૫ |
| | | | ૪,૦૪૧.૦૦ | શ્રી વર્તમાન પેપર (છાપા) ખર્ચ | ૪૬ |
| ૨૬,૩૮૨.૦૦ | શ્રી સભા નિભાવ ફંડ | ૩૫ | ૧૧,૯૭૩.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૫૧ |
| ૨૭૧.૦૦ | શ્રી ઇન્કમટેક્ષ કપાત TDS | ૭૧ | ૪૪,૪૦૦.૦૦ | શ્રી પગાર ખર્ચ ખાતે | ૫૪ |
| | | | ૩,૫૪૫.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ ખર્ચ | ૫૬ |
| | | | ૩,૭૦૦.૦૦ | શ્રી બોનસ ખર્ચ ખાતે | ૫૮ |
| | | | ૪૧૦.૦૦ | શ્રી બોણી ખર્ચ ખાતે | ૫૮ |
| | | | ૯૩.૦૦ | શ્રી ઇલેક્ટ્રીક મેન્ટેનસ ખર્ચ | ૬૨ |
| | | | ૩,૦૩૮.૦૦ | શ્રી ટેલીફોન બીલ ખર્ચ | ૬૬ |
| | | | ૨,૫૪૦.૦૦ | શ્રી કેળવણી ઉત્તેજન ખર્ચ | ૬૭ |
| | | | ૨,૨૦૦.૦૦ | શ્રી મકાન રીપેરીંગ ખર્ચ | ૬૮ |
| | | | ૬૪૮.૦૦ | શ્રી બુક બાઇન્ડીંગ ખર્ચ | ૭૨ |
| | | | ૨૦,૧૫૩.૦૦ | શ્રી વ્યાજ ખર્ચ ખાતે | ૪૩ |
| | | | ૧૧,૧૩૦.૦૦ | શ્રી મીલકત ઘસારા ખાતે | ૪૨ |
| | | | ૧૫,૧૦૦.૦૦ | હવાલો નફા-નુકસાન ખાતે | ૪૭ |
| ૧,૩૪,૫૦૯.૦૦ | | | ૧,૩૪,૫૦૯.૦૦ | | |

## તા.૧-૪-૦૪ થી તા. ૩૧-૩-૦૫ સુધીનું નફા-નુકસાન ખાતું

ખા.પા. ૪૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪,૮૧૩.૦૦ | બાકી દેવા<br>રૂા. ૯,૭૧૩ ૨૦૦૩-૦૪ ના<br>રૂા. ૧૫,૧૦૦ ૨૦૦૪-૦૫ ના | | | | |
| ૨૪,૮૧૩.૦૦ | | | | | |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીતરાગનો સાધુ સુખી કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ.સા.

શ્રી વીતરાગ પરમાત્માના સાધુને જ્યારે જુવો ત્યારે તે સુખી જ હોય. ચાર ડીગ્રી તાવ વખતે પણ પૂછો કે 'ભગવંત! શાતામાં ?' એક જ જવાબ મળશે - 'દેવગુરુપસાય.' બીજી વાત જ નહિ ?

આ આનંદ, આ સુખ કયાંથી આવ્યું ? તમારી પાસે છે એમાનું એક પણ દુન્યવી સુખનું સાધન એની પાસે નથી. રહેવા ગામમાં ઘર નહીં; કમાવા બજારમાં પેઢી નહીં, ખેડવા જંગલમાં જમીન નહીં, બેલેન્સ માટે બેંકમાં ક્યાંય ખાતું નહીં, કોઈના ઘરે થાપણ નહીં, વ્યવહાર ચલાવવા પાસે ફુટી કોડી નહીં, ગરમીથી બચવા પંખો-એરકન્ડીશનર નહીં, ઠંડીથી બચવા તાપણું-હીટર નહીં, તાજી વાનગી ખાવા સગડી કે ફ્રીજ નહીં, દશ્યો જોવા ટી.વી., વિડીઓ નહીં, સંગીત સાંભળવા રેડીઓ - સ્ટીરીઓ નહીં, કોઈપણ ઈંદ્રિયના વિષયોને માણવા કોઈ સાધન નહીં, કોઈપણ સુવિધા માણવા સગવડનાં સાધન નહીં. સાધુને રોટલાનો ટુકડો જોઈએ તો પણ તેને તમારા ઘરે આવવું પડે, પાણીનું ટીપું જોઈએ તો પણ તમારા ઘરે આવવું પડે. તમારા આંગણે આવી ચડ્યા અને કોઈ કહે 'પધારો' તો ય 'ધર્મલાભ' અને કોઈ કહે કે 'મહારાજ ! અહીં કયાંથી આવી ચડ્યા ?' તો પણ 'ધર્મલાભ કહે. સર્વજ્ઞનો સાધુ જ્યાં જાય ત્યાં આવકાર મળે કે જાકાર મળે બેયમાં પ્રસન્ન ! બેય વખતે એ 'ધર્મલાભ'ના જ આશિષ વરસાવે. 'આવકારે તેને આશિષ' અને 'જાકારે તેને શ્રાપ' એવું નથી હોતું.

ઘણીવાર સાધુ વિહાર કરીને જાય ત્યારે ગોચરી - પાણીનું ઠેકાણું ન પણ પડે. ભગવાનની આજ્ઞા મુજબ જીવવું હોય તો ન પણ મળે. બાકી માલ મિષ્ટાન્ન ખાવા હોય તો જંગલમાં પણ મળે પણ નિર્દોષ ન મળે. આજ્ઞાના ખપીને તો કોક વાર આહાર મળે તો પાણી ન મળે, પાણી મળે તો આહાર ન મળે તેમ પણ બને.

શરૂઆતના વર્ષોમાં શાસ્ત્રોમાં એવું વાચ્યું હતું કે 'મહાત્માઓને આહાર મળે તો પાણી ન મળે અને પાણી મળે તો આહાર ન મળે' - ત્યારે એમ વિચાર આવતો કે એ કાળમાં વહોરાવનારા નહિ હોય ? પણ જ્યારે પરમતારક ગુરૂદેવશ્રીને પૂછ્યું ત્યારે ખબર પડી કે આ નિર્દોષ ભિક્ષાચર્યા માટેની વાત છે.

**જેને આજ્ઞા મુજબ જીવવું છે તેના માટે બધું જ દુષ્કર છે. જેને આજ્ઞા પડતી મૂકવી છે તેના માટે બધું જ સરળ છે. આમ છતાં આજ્ઞા મુજબ જીવનાર સદાય સુખી હોય છે, આજ્ઞાને પડતી મૂકનાર સદાય દુ:ખી હોય છે.**

**ભગવાનના શાસનની અદ્ભુત વિધિમર્યાદાઃ**

વસ્ત્ર લાવવા માટે પણ ભગવાને અમને વિધિ બતાવી છે. આગમ શાસ્ત્રોમાં કેવાં અદ્ભુત વર્ણનો આવે છે.

સાધુ પાસે માત્ર એક જ વસ્ત્ર હોય અને તે ફાટવા આવ્યું હોય ત્યારે સાધુ વસ્ત્ર વહોરવા જાય પણ સાધુ જ્યારે વસ્ત્ર લેવા જાય ત્યારે ભગવાનને પૂછે કે, 'ભગવંત ! અનુમતિ આપો તો વસ્ત્ર લેવા જાઉં.'

ભગવાન તે વખતે પૂછે કે, 'વત્સ ! આજે નિર્દોષ વસ્ત્ર નહિ મળે તો ?' 'ભગવંત ! કાલે મળશે.' 'વત્સ !' કાલે પણ નહિ મળે તો ?' 'ભગવંત ! પરમ દિવસે મળશે.' 'વત્સ ! પરમ દિવસે પણ નહિ મળે તો ?' 'ભગવંત ! તે પછીના દિવસે મળશે !' 'વત્સ ! પછી પણ નહિ મળે તો તું શું કરીશ ?'

'ભગવંત ! જો પછી પણ નહિ મળે તો વસ્ત્ર વગર પણ મજેથી ચલાવીશ.'

ત્યારે ભગવંત તેને કહે કે, 'વત્સ ! સુખેથી જઈ શકો છો.'

**જ્યાં સુધી વસ્તુ વિના ચલાવી લેવાની વૃત્તિ નથી ત્યાં સુધી ભૂલ થવાની સંભાવના છે. એ સંભાવનાને ટાળવા ભગવાનના શાસનની આ કેવી અદ્ભુત વિધિ મર્યાદાઓ છે.**

માટે જ આહાર-પાણી વહોરવા જનાર સાધુ ભગવંતોની મનોવૃત્તિ કેવી હોવી જોઈએ તે દર્શાવતાં લખ્યું છે કે '**મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ.**' આવી જેની મનોવૃત્તિ હોય તેવા ગીતાર્થ સાધુ ભગવંતને જ ગોચરી પાણી વહોરવા જવાનો અધિકારી અપાયો છે.

**આયાનુસારી વ્યય :**

તમારા માટે પણ '**आयानुसारी व्ययः**' એ નિયમ છે. પણ આજે તો '**व्ययानुसारी आयः**' ની નીતિ અપનાવાયી

અનુસંધાન પાના નં. ૧૩ ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ-બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચે મુજબના કાર્યો માટે સંવત ૨૦૬૨ ના ફાગણ સુદ-૬ ને રવિવાર તા.૫-૩-૨૦૦૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલ લેક્ચર હોલમાં મળશે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૨૯-૩-૨૦૦૫ના મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ વંચાણે લઈ મંજુર કરવા.

(૨) સને ૨૦૦૪-૨૦૦૫ના હિસાબો મંજુર કરવા. હિસાબો તથા સરવૈયા કારોબારી સમિતિએ મંજુર કરવા ભલામણ કરેલ છે.

(૩) તા. ૧-૪-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૬ સુધીના હિસાબો ઓડીટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કાંઈ રજુ થાય તે.

લિ.

તા. ૧૬-૧-૨૦૦૬
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

મનહરલાલ કે. મહેતા
મનીષકુમાર આર. મહેતા
મનહરલાલ વી. ભંભા
માનદ્ મંત્રીઓ

તા. ક. (૧) કોરમના અભાવે મુલતવી રહેલ આ બેઠક બંધારણની કલમ ૧૧ મુજબ અડધા કલાક પછી ફરી મળશે અને તેને કોરમનો બાધ રહેશે નહી.

(૨) આ સભાના સને ૨૦૦૪-૨૦૦૫ના ઓડીટેડ હિસાબો આ જ અંકમાં અન્યત્ર છપાયેલા છે. જે જોઈ જવા નમ્ર વિનંતી.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009,
Phone : (079) 23276252, 23276204-05

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાન્યુઆરી- ૨૦૦૬ ❑ RNI No. GUJGUJ/2000/4488

आत्मा सुखस्वभावोऽस्ति दुःखितस्तत् कथं भवेत् ? ।
परंतु दुश्चरित्रेन दुःखाक्रान्तो भवत्यसौ ॥

卐

આત્મા વસ્તુતઃ સુખસ્વભાવવાળો છે,
અર્થાત્ સુખ એનો સ્વાભાવિક ગુણ છે,
એટલે પછી એને દુઃખી થવાનું બને જ કેમ ?
છતાં દુરાચરણમાં ફસાઈ હાથે કરી પોતે
દુઃખી થાય છે.

卐

The soul is naturally possessed to happiness. Hence how would it be miserable ? But owing to its being led astray it is or would be overcome with misery.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૫,
ગાથા : ૮, પૃષ્ઠ - ૭૧)*

卐

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,
F. ૬૮૨ આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાનમંદિર
C/o. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
[જિ. ગાંધીનગર] પો. કોબા-382007

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

**તંત્રી :** શ્રી જસવંતરાય સી. ગાંધી
**મુદ્રક અને પ્રકાશક :** શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ઘનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.

For Private And Personal Use Only